Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




વીર સં. ૨૫૦૪, નવેમ્બર (૪૨૧) વર્ષ ૩૫: અંક ૧૨

# ❀ શાશ્વત સુખનો અધિકારી કોણ ? ❀

ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે. પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે. શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે. ૩૧૪.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

ખંડખંડ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશ છે. રાગ ને શરીર મારું એ તો પરવશ છે જ, દુઃખ છે જ પણ આત્માની પર્યાયમાં ખંડખંડ જ્ઞાન તે પરવશતા છે ને દુઃખ છે. આત્મા અખંડ જ્ઞાનની મૂર્તિ છે, તેની અવસ્થામાં ભાવેન્દ્રિય ખંડખંડ જ્ઞાનને જણાવે છે તે પરવશતા ને દુઃખ છે. રાગ કે શરીર, વાણી, પૈસા તો ક્યાંય રહ્યા પણ વર્તમાન પર્યાયમાં ભાવેન્દ્રિય એક એક વિષયને જાણે છે તે ખંડખંડ જ્ઞાનને જણાવે છે એ ખંડખંડ જ્ઞાન પરવશતા ને દુઃખ છે.

રાગ તો દુઃખ છે જ, શરીર મારું માને છે એ તો દુઃખ ને પરવશતા છે જ પણ જ્ઞાનસ્વરૂપ ભગવાનની પર્યાયમાં જે ખંડખંડ જ્ઞાન છે તે ઇન્દ્રિયજ્ઞાન છે, તે પરવશતા છે. ભગવાન આત્મા અખંડ જ્ઞાયક વસ્તુ છે તેની દ્રષ્ટિ નથી ને વર્તમાન દશામાં જે ખંડખંડ જ્ઞાન છે તે હું છું એમ માને છે તે ગરીબ ને ભીખારી દુઃખી પ્રાણી મિથ્યાદ્રષ્ટિ છે.

આ આત્મા છે તે જ્ઞાયક અખંડ સ્વરૂપ છે. તેમાં રાગ, કર્મ કે શરીર તો તેના નથી પણ પર્યાયમાં ખંડખંડ જ્ઞાન છે તે પણ તેનું નથી. જડ-ઇન્દ્રિય તો તેના નથી પણ ભાવ-ઇન્દ્રિય ને ભાવ-મન પણ તેના નથી. એક એક વિષયને જાણતી જ્ઞાનની પર્યાય છે એ ખંડખંડ જ્ઞાન છે, એ પરાધીનતા છે, પરવશતા છે, એ દુઃખ છે.

પોતાની પર્યાયમાં જે ભાવઇન્દ્રિય છે-જ્ઞાનનો જે પર્યાય એક એક વિષયને જાણે એવી જે ભાવેન્દ્રિય તે ખંડખંડ જ્ઞાનને જણાવે છે. એ ખંડખંડ જ્ઞાન તે પરવશતા છે ને પરવશ તે દુઃખી છે. શ્રોત્રનો ભાવેન્દ્રિય શબ્દને જાણે, એવી રીતે એક ઇન્દ્રિયના વિષયને જાણે એવું જે ખંડખંડ જ્ઞાન તેનાથી પણ ભગવાન આત્મા નિરાળો છે, તેનાથી જુદો

[ અનુસંધાન પૃષ્ઠ ૧૭ ઉપર ]

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૫
અંક ૧૨




વીર સંવત
૨૫૦૪
A.D.1978
NOV.

# આત્માની જ્ઞાતાધારાને રોકવા કોઈ સમર્થ નથી

આત્મા તો જાણનાર છે. આત્માની જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી. ભલે રોગ આવે કે ઉપસર્ગ આવે, આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે. ઉપસર્ગ આવ્યો તો પાંડવોએ અંદર લીનતા કરી, ત્રણે તો કેવળ પ્રગટાવ્યું. અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી. ૧૨૮.

[ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનમાંથી ]

જેના વિદ્યમાનપણામાં દરેક પ્રસંગે જાણનારું તત્ત્વ છે તે જ્ઞાયકતત્ત્વ છે. જેની હૈયાતી વિના આ રાગ છે, શરીર છે એમ જાણે કોણ? પ્રત્યેક પ્રસંગમાં જાણનાર પોતાની હૈયાતી ન હોય તો આ જાણ્યું કોણે? રાગ થયો પણ રાગ જાણ્યો કોણે? ચૈતન્યસ્વભાવ મુખ્ય છે. કોઈ પણ પ્રસંગ હો પણ જ્ઞાનની હૈયાતી વિના જાણે કોણ? જ્ઞાનની હૈયાતી ન હોય તો આ પ્રકાશ છે એમ જાણ્યું કોણે? દરેક પ્રસંગમાં જાણનારની જ ઉર્ધ્વતા છે. ચાહે તો ધંધાની ક્રિયા હો પણ તે છે એમ જાણ્યું કોણે? જ્ઞાનની હૈયાતી છે તો જાણ્યું છે, પરંતુ જેને જાણ્યું છે–રાગાદિને જાણ્યા છે–તે મારા છે એમ નથી.

જાણનારની વિદ્યમાનતા વિના આ જે કાંઈ જણાય છે એ કોની સત્તામાં જણાય? સમ્યગ્દર્શન થતાં હું તો જાણનાર ચીજ છું, બીજી કોઈ ચીજ મારી નથી –એમ તે

જાણે છે. જાણનારની હૈયાતી વિના પરની જે હૈયાતી છે તેને જાણે કોણ? જેની મૌજુદગીમાં જ્ઞાનની મૌજુદગીમાં રાગાદિ જાણવામાં આવ્યા ત્યાં એ રાગ પરિણામ કાંઈ જાણતું નથી પણ જ્ઞાનની પર્યાયે તેને જાણ્યા છે.

શરીરની વૃદ્ધાદિની અવસ્થાની સ્થિતિમાં જો જાણનારની વિદ્યમાનતા ન હોય તો આ વૃદ્ધાદિની અવસ્થા છે તેને જાણી કોણે? પણ એ જાણનારમાં તે અવસ્થાઓ નથી.

જ્ઞાયકસ્વભાવનું જ્યાં અંતરમાં ભાન થયું, જાણનારો જાગીને ઊઠયો કે હું તો એક જ્ઞાયકસ્વરૂપ છું–એમ જ્યાં અનુભવમાં આવ્યું ત્યાં જ્ઞાનધારાને કોઈ રોકી શકતું નથી, ગમે તેવો રોગ આવે પણ એ તો શરીરમાં છે, એ ક્યાં આત્મામાં છે? રોગ છે તેને આત્માએ જાણ્યો છે પણ એમાં ભળીને આત્માએ જાણ્યું નથી.

જાણનારની જ્ઞાનધારાને કોઈ રોકી શકતું નથી, ભલે કોઈ રોગ આવે કે ઉપસર્ગ આવે. ઉપરથી ભીંત પડે, પથ્થરાઓ મારે, વીંછી કે સર્પ કરડે પણ આત્મા તો નીરોગી ને નિરુપસર્ગ છે. આત્મા રોગવાળો કે ઉપસર્ગવાળો થઈ જાય છે એમ નથી. પાંચ પાંડવોને શેત્રુંજય પર્વત ઉપર લોઢાના ધગધગતાં કડાં આદિ પહેરાવ્યા પણ તેમની જે જ્ઞાનધારા છે તેને કોઈ રોકનાર નથી.

જેણે ચૈતન્યસ્વરૂપમય જ્ઞાયકનો અનુભવ કર્યો છે તેની જ્ઞાનધારાને રોકવા કોઈ સમર્થ નથી. લોઢાના ધગધગતા કડાં આદિ પહેરાવવા છતાં ત્રણ પાંડવોએ તો અંદરમાં લીનતા કરીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. બાકીના બે પાંડવોને મોટા ત્રણ સાધર્મી પાંડવો વિશેનો પ્રશસ્ત વિકલ્પ આવ્યો તેથી સ્વર્ગમાં ગયા. જુઓ! શુભભાવનું આ રૂપ! વિકલ્પના ફળમાં ૩૩ સાગરની સ્થિતિમાં સર્વાથસિદ્ધિ સ્વર્ગમાં રહેશે ને ત્યાંથી ૯ા મહિના માતાના પેટમાં રહેશે ને ઓછામાં ઓછા આઠ વર્ષ પહેલાં તો કેવળજ્ઞાન પામશે નહીં. જુઓ તો ખરા! જ્ઞાનીને પણ શુભવિકલ્પનું ફળ! બે ભવ કરવા પડશે! પોતાના પુરુષાર્થની કચાશથી, શુભભાવના અકર્તા હોવા છતાં, નબળાઈને લઈને શુભભાવ થયો ને બે ભવ થયા! પણ અટકે છે તો પોતાથી અટકે છે, કર્મના લઈને અટકવું પડે છે એમ નથી.

અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી. કર્મે બે પાંડવોને વિકલ્પ કરાવ્યો એમ નથી. શું એને મોક્ષે નહોતું જાવું? પણ ઉદય આવ્યો એટલે રોકાઈ ગયા ને?–કે ના, એમ નથી. પોતાના પુરુષાર્થની કમજોરીને લઈને વિકલ્પ આવ્યો છે. જ્ઞાનાવરણી કર્મના લઈને જ્ઞાનની હીણી–અધિકદશા થતી નથી, એ તો નિમિત્ત માત્ર છે. જ્ઞાનની હીણી–અધિકદશા કરનારો પોતે છે. કર્મ કર્તા અને જીવની દશા કાર્ય એમ બિલકુલ નથી. જ્ઞાન પોતાથી પોતે હીણું કરે ત્યારે જ્ઞાનાવરણીકર્મ નિમિત્ત કહેવાય, તેના બદલે કર્મ કાંઈ કરે છે એમ માનવું તે મિથ્યાત્વ છે. ઊંધા પુરુષાર્થથી જીવ પોતે વિકાર કરે છે ને સવળા પુરુષાર્થથી પોતે વિકાર ટાળે છે, માટે સવળો પુરુષાર્થ કરવો એ જ કરવાનું છે.

# આ નવતત્ત્વની પરિપાટીને છોડી,
# આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો

**આ આત્માને અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો) તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવો છે આત્મા? પોતાના ગુણપર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે? શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે? પૂર્ણજ્ઞાનઘન છે. વળી જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે. તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે "આ નવતત્ત્વની પરિપાટીને છોડી, આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો." (શ્લોક-૬)**

[ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

અહીં કહે છે કે આ આત્માને કે જે વસ્તુ તરીકે જ્ઞાયક છે તેને રાગ ને નવતત્ત્વના ભેદરૂપ અન્ય દ્રવ્યોથી ભિન્ન દેખવો તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે. પોતાના દ્રવ્યથી અનેરા જે દ્રવ્યો, ભગવાનની ભક્તિ આદિના જે અનેરા ભાવો ને નવતત્ત્વના ભેદો કે જે પરદ્રવ્યો છે તેનાથી આત્માને પૃથક જોવો, શ્રદ્ધવો તે સમ્યગ્દર્શન છે.

પરમ સત્ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન દ્રવ્ય અન્ય દ્રવ્યોથી તો પૃથક છે પણ પર્યાયના ભેદોથી પણ અભેદ વસ્તુ પૃથક છે એમ પહેલાં નિર્ણય તો કર! અરેરે! ૮૪ ના અવતારમાં અનંત અનંત ભવો કર્યા ને તે દેખનારને રુદન આવે એવા દુઃખો તેં સહન કર્યા, તે દુઃખોને મટાડવા હોય તો આ કરવા જેવું છે કે જેનામાં જન્મ-મરણ તો નથી, તેના દુઃખો તો નથી પણ પર્યાયના ભેદો પણ નથી એવા નિર્વિકલ્પ જ્ઞાનઘન સ્વદ્રવ્યને શ્રદ્ધવો, દેખવો.

નવ તત્ત્વોનો અનુભવ એ તો મિથ્યાત્વ છે, સમ્યગ્દર્શનથી ઉલ્ટા એ પરિણામ છે. શ્રદ્ધા નામનો ત્રિકાળી ગુણ આત્મામાં છે, એ ગુણનું વિપરીતપણે પરિણમવું તેને મિથ્યાદર્શન કહે છે અને તે ભવભ્રમણનું કારણ છે. એ કારણના નાશને અર્થે ભગવાન આત્માને અનેરા દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો. ભલે રાગાદિ હો પણ રાગથી ને પરથી ભિન્ન એવો વિદ્યમાન આ આત્મા છે તેને શ્રદ્ધવો, એ જ મિથ્યાત્વના નાશનું કારણ ને મોક્ષનું કારણ છે.

જ્ઞાયકસ્વરૂપ ભગવાન છે તેને પરદ્રવ્યોથી પૃથક શ્રદ્ધવો તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે. દેવ–ગુરુની શ્રદ્ધા ને નવતત્ત્વોની ભેદવાળી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નહીં પણ એક આ આત્માની અન્ય દ્રવ્યોથી પૃથક્પણે શ્રદ્ધા તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે ને તે મોક્ષમાર્ગ છે.

કેવો છે આત્મા ?–કે પોતાના ગુણો ને વિકારી–અવિકારી પર્યાયમાં વ્યાપનારો છે. પરમાં નથી ને પરને લઈને નથી તથા પરના લઈને વિકારપણે પરિણમતો નથી. એમ પહેલાં વસ્તુની સિદ્ધિ કરી, સમ્યગ્દર્શનના વિષય તરીકે જે વસ્તુ છે તે પછી આગળ બતાવશે. વળી કેવો છે?–કે પોતાના ગુણ–પર્યાયમાં વ્યાપેલો છે એવા આત્માને શુદ્ધનયથી જોઈએ તો એકરૂપ ત્રિકાળી છે કે જેમાં ગુણ–પર્યાયના ભેદો પણ નથી. વસ્તુ છે એ પોતાના ગુણ–પર્યાયોમાં વ્યાપેલી છે, કર્મના સંબંધે વિકારપણે પરિણમેલી પર્યાયમાં વ્યાપેલી છે, પણ શુદ્ધનયથી તેને ભેદના ભાવોથી ભિન્ન એકપણે બતાવ્યો છે. પરદ્રવ્યથી ભિન્ન ને પોતાના ગુણપર્યાયમાં વ્યાપેલો આત્મા છે તે શુદ્ધનયથી નિર્વિકલ્પ વિજ્ઞાનઘન એકરૂપ વસ્તુ છે.

વસ્તુ તરીકે ગુણ–પર્યાયમાં વ્યાપેલો છે પણ અખંડ અભેદ વસ્તુ તરીકે જોઈએ તો તે એકરૂપ વસ્તુ છે કે જેમાં ગુણ–પર્યાયના ભેદો નથી. એ આત્માને શ્રદ્ધવો તેને નિશ્ચયથી સમ્યગ્દર્શન કહ્યું. પરથી ભિન્ન પોતાના ગુણ–પર્યાયમાં વ્યાપેલો છે એ એક અસ્તિત્વ સિદ્ધ કરીને બીજું અસ્તિત્વ સિદ્ધ કરે છે કે એમાં જે શુદ્ધનયનો વિષય અભેદ વસ્તુ છે તેને દેખવો. પહેલાં પ્રમાણનો વિષય બતાવ્યો ને પછી શુદ્ધનયનો વિષય બતાવ્યો છે. પોતાના ગુણ–પર્યાયમાં વ્યાપેલો છે છતાં શુદ્ધનયથી તો તે ત્રિકાળી એકરૂપ વસ્તુ છે. એકરૂપ નિર્વિકલ્પ વસ્તુ એ સમ્યગ્દર્શનનો વિષય છે, પણ ગુણ–પર્યાયમાં વ્યાપેલો છે એ સમ્યગ્દર્શનનો વિષય છે જ નહીં.

ગુણ–પર્યાયમાં વ્યાપેલો છે એ પ્રમાણનો વિષય છે પણ સમ્યગ્દર્શનનો વિષય એકરૂપ અભેદ વિજ્ઞાનઘન વસ્તુ છે વળી કેવો છે આત્મા ?–કે પૂર્ણ જ્ઞાનઘન વસ્તુ છે. અનાદિથી કર્મચેતના ને કર્મફળચેતનાનું વેદન હતું તે મિથ્યાત્વ હતું. રાગ ને રાગના ફળનું વેદન તે એકાંતે દુઃખનું વેદન હતું. સમ્યગ્દર્શન થતાં તેને જ્ઞાનચેતના પ્રગટી તેથી તે આનંદના વેદનમાં આવ્યો. પૂર્ણાનંદના નાથનું જ્યાં દર્શન થયું ને જ્ઞાન થયું ત્યાં આનંદનું વેદન થયું. મિથ્યાત્વમાં એકલું દુઃખનું વેદન હતું. પૂર્ણજ્ઞાનઘન વસ્તુના આશ્રયે સમ્યગ્દર્શન થયું, તેનું જ્ઞાન થયું ત્યાં સાથે આનંદનું વેદન થયું.

અન્ય દ્રવ્યો ને અન્ય દ્રવ્યના ભાવથી ભિન્ન અપાર સ્વભાવી આ આત્માને દેખવો તે સમ્યગ્દર્શન છે. ભગવાન આત્મા શરીર, કર્મથી તો ભિન્ન છે પણ પોતાના જે અનંતા

ગુણ અને તેની વિકારી કે અવિકારી અનંતી પર્યાયો છે તેમાં વ્યાપનારો છે. આ સમ્યક્દર્શનનો વિષય નથી પણ પ્રમાણના વિષયની વાત છે કે પોતાના ગુણ–પર્યાયમાં વ્યાપનારો આત્મા છે. દયા–દાન કે હિંસા–ચોરીના જે પરિણામ તેમાં રહેનારો આત્મા છે પણ પરદ્રવ્ય કે તેના ભાવમાં રહેનારો કે તે ભાવો પોતામાં રહેનારા છે એમ નથી. કર્મ અને કર્મનો અનુભાગ તેનાથી રહિત આત્મા છે પણ પોતાની વિકારી પર્યાય છે તેમાં તો આત્મા વ્યાપ્ત છે.

અનાદિથી આત્મા પોતાની અવિકારી–અસ્તિત્વ આદિ ગુણની પર્યાય કે વિકારી પર્યાયમાં રહેલો છે પણ શરીર, કર્મ કે સ્ત્રી–પુત્ર આદિમાં આત્મા રહ્યો જ નથી. પોતાના ગુણપર્યાયમાં રહેલો છે. વિકારી પર્યાય, અરે ! મિથ્યાત્વભાવ છે તે પણ પોતાની પર્યાય છે. રાગમાં, પુણ્ય–પાપમાં આત્મા રહેલો છે એમ જો પહેલાં સિદ્ધ ન કરે ને કર્મથી જ થાય છે એમ માને તો મિથ્યાત્વમાં રહ્યો છે. મિથ્યાત્વમાં પણ આત્મા વ્યાપ્ત છે. એવા આત્માને બરાબર ખ્યાલમાં લઈને પછી સમ્યગ્દર્શનનો વિષય શું છે એ બતાવે છે. કેમ કે સમ્યગ્દર્શનનો વિષય એક નયનો વિષય છે તેથી પહેલાં પ્રમાણનો વિષય બતાવે છે.

વિકૃત અવસ્થામાં આત્મા વ્યાપેલો છે પણ વિકૃત અવસ્થામાં કર્મ વ્યાપેલું છે તેમ નથી. પહેલેથી જ એમ માને કે વિકાર છે તેમાં કર્મ વ્યાપેલું છે તેને તો પહેલાં પર્યાયની અસ્તિની પણ ખબર નથી. જીવદ્રવ્યની પર્યાય અજીવકર્મની પર્યાયથી થાય ? બિલ્કુલ ન થાય. અનંત કર્મપર્યાયની વચ્ચે આત્મા રહ્યો છે છતાં કર્મના લઈને વિકારી પર્યાય કદીયે થઈ નથી. આ આત્મા દ્રવ્ય તરીકે વસ્તુ છે તેથી તેમાં અનંતા ગુણપર્યાયો છે અને તેમાં આત્મા વ્યાપેલો છે. મિથ્યાત્વ–રાગ–દ્વેષ, કામ–ક્રોધ એ પોતાની પર્યાય છે, એ કર્મની પર્યાય નથી, તેથી તેમાં આત્મા વ્યાપેલો છે.

આમ હોવા છતાં જે શુદ્ધનય છે તે ત્રિકાળી એકાકાર અભેદ વસ્તુને બતાવે છે, તે ગુણભેદ ને પર્યાયને બતાવતો નથી. ગુણભેદ ને પર્યાય એ તો વ્યવહારનયનો વિષય છે. તેથી પ્રમાણમાં આત્મા ગુણપર્યાયમાં વ્યાપ્ત છે એમ જ્ઞાન કરાવ્યું. પહેલાં વસ્તુનાં દ્રવ્ય–પર્યાયનું જ્ઞાન કરાવ્યું છે પરંતુ એ જ્ઞાન હજુ સમ્યક્જ્ઞાન નથી.

પ્રમાણમાં વિકારનો કે પર્યાયનો નિષેધ નથી માટે પ્રમાણ પૂજ્ય નથી, નિશ્ચયનયમાં પર્યાયનો નિષેધ આવે છે તેથી તે પૂજ્ય છે. બીજી રીતે કહીયે તો પ્રમાણમાં એક ન આવતાં બે આવ્યા તેથી તે વ્યવહારનયનો વિષય થઈ જાય છે.

શુદ્ધનયથી દેખતાં એકપણારૂપ આત્મા છે. જેમાં ગુણ–ગુણીનો ભેદ નથી, એક

અખંડ અભેદ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ એ શુદ્ધનયનો વિષય છે. ભગવાન પરમેશ્વરદેવે એમ કહ્યું કે તારી દશામાં મિથ્યાત્વ આદિ અનાદિથી છે એમાં તું રહેલો છે, એ અવસ્થા કર્મે કરાવી નથી–એમ જ્ઞાન કરાવીને કહ્યું કે ત્રિકાળી પરમાનંદનો નાથ કે જે શુદ્ધનયનો વિષય છે તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. શુદ્ધનયના વિષયમાં–સમ્યગ્દર્શનના વિષયમાં વિકારી પર્યાય તો ન આવે પણ સમ્યગ્દર્શનની પર્યાય પણ ન આવે.

દ્રવ્ય–ગુણ–પર્યાયમાં વ્યાપ્ત હોવા છતાં શુદ્ધનયે એકલા ત્રિકાળી શુદ્ધને જ બતાવ્યો છે. ગુણ–પર્યાયની અનેકતા હોવા છતાં શુદ્ધનયથી એકપણાનો નિર્ણય કરાવ્યો છે. એકપણાનો નિર્ણય કર તો તને સમ્યગ્દર્શન થાય. શુદ્ધનયે જે એકપણાનો નિશ્ચય કરાવ્યો એ ચીજ શું છે?–કે પૂર્ણજ્ઞાનઘન ચીજ છે. અનંતગુણનો પુંજ–ઘન એકરૂપ છે તે શુદ્ધનયનો વિષય છે ને તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

પ્રમાણનો વિષય બતાવીને પછી શુદ્ધનયનો વિષય જુદો પાડે છે કે શુદ્ધનય તો એકત્વપણાને બતાવે છે. ગુણ–ગુણીના ભેદ તો વ્યવહારનયનો વિષય છે. જે એકલો જ્ઞાયકભાવ છે તેને શુદ્ધનય બતાવે છે. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી ધ્રુવ છે પણ ગુણપર્યાયમાં વ્યાપ્ત જે આત્મા છે તે સમ્યગ્દર્શનનો વિષય નથી. શુદ્ધનયનો વિષય એકત્વપણે રહેલું ત્રિકાળી ધ્રુવ છે.

જેમાં ગુણ–ગુણીનો ભેદ નથી એવું એકરૂપ ત્રિકાળી ધ્રુવતત્ત્વ તે સમ્યગ્દર્શનનો વિષય છે. પ્રમાણમાં પર્યાયનો ને ભેદનો વિષય સાથે રહે છે. શુદ્ધનયના વિષયમાં ત્રિકાળી ધ્રુવ એકલું આવે છે અને તે સમ્યગ્દર્શનનો વિષય છે. શુદ્ધનયનો જે વિષય છે એવી વસ્તુ પૂર્ણજ્ઞાનઘન છે, એવી રીતે શ્રદ્ધાગુણથી લેતાં વસ્તુ પૂર્ણશ્રદ્ધાઘન છે, એવી રીતે ચારિત્રગુણથી, પ્રભુત્વગુણથી પૂર્ણ છે. જે ગુણથી લ્યો તે ગુણથી પરિપૂર્ણ વસ્તુ છે.

જેટલું સમ્યગ્દર્શન છે એટલો જ આ આત્મા છે. ત્રિકાળી જ્ઞાયકભાવને જ્ઞેય બનાવીને જ્ઞાન થયું, પ્રતીતિ થઈ તે આત્મા છે. નવતત્ત્વોની પ્રતીતિ તે આત્મા નહીં, રાગ તે આત્મા નહીં, પણ પૂર્ણસ્વરૂપ એકરૂપ ભગવાનની પ્રતીતિ ને જ્ઞાન થયું એ પરિણામ તે આત્મા છે. પરિણામ તો વ્યવહારનયનો વિષય છે પણ પરિણામનું ધ્યેય છે તે પરિપૂર્ણ વસ્તુ છે માટે પ્રતીતિ ને જ્ઞાનરૂપ પરિણામને અહીં આત્મા કહ્યો છો આ કારણે આચાર્ય મહારાજ પ્રાર્થના કરે છે કે ‘આ નવ તત્ત્વની પરિપાટી છોડી આ આત્મા એક જ એમને પ્રાપ્ત હો.’

## ભેદ દ્વારા સમજાવતાં

# અભેદને લક્ષમાં લેતો શિષ્ય

એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ, વ્યવહાર શા માટે કહો છો?–જિજ્ઞાસુના એ પ્રશ્નનું સમાધાન કરાવવા આચાર્ય મહારાજ મ્લેચ્છના દૃષ્ટાંતથી સમજાવે છે કે આત્માના અજાણ એવા વ્યવહારીજનોને 'આત્મા' કહેતાં તેઓ આત્માને સમજી શકતાં નથી તેથી વ્યવહારથી આત્માને સમજાવ્યો છે, કેમ કે વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નથી. પરંતુ કયો વ્યવહાર? હાલે–ચાલે તે આત્મા, દયા–દાન–વ્રત–તપ–ભક્તિ કરે તે આત્મા–એમ નહિ હો! પરંતુ નિશ્ચય દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત તે આત્મા–એવા ભેદ વડે–વ્યવહારથી અભેદને દેખાડયો છે. ભેદ વડે ભેદનું લક્ષ કરાવવું નથી પણ ભેદ વડે અભેદનું લક્ષ કરાવવું છે. સમજાવનારે ને સમજનારે ભેદ–વ્યવહાર અનુસરવા લાયક નથી. વળી આચાર્યમહારાજે પણ એવા શિષ્યને જ અહીં શ્રોતા તરીકે ગણ્યો છે કે 'આત્મા' શબ્દ સાંભળતાં તેના અર્થને નહિ જાણવા છતાં કંટાળતો નથી પણ જિજ્ઞાસાપૂર્વક મેંઢાની જેમ કહેનારની સામે ટગટગ જોયા કરે છે અને જ્યારે 'આત્મા' શબ્દનો અર્થ સંતો સમજાવે છે કે 'દર્શન–જ્ઞાન–ચારિત્રને જે હંમેશાં પ્રાપ્ત હોય તે આત્મા છે' ત્યારે એ પાત્ર શ્રોતાને આત્મા શબ્દનો અર્થ સમજાતાં, તુરત અત્યંત આનંદ સહિત સુંદર બોધતરંગો–જ્ઞાનતરંગો ઊછળે છે. શ્રોતા પણ કેવો લીધો છે! આચાર્યમહારાજ 'આત્મા' સમજાવે છે ત્યાં શ્રોતાને અતીન્દ્રિય આનંદ સહિત જ્ઞાનતરંગો ઊછળી ઊઠે છે. એ રીતે વ્યવહારનયને પરમાર્થનાં કહેનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે કે દર્શન–જ્ઞાન–ચારિત્રને

પ્રાપ્ત તે આત્મા. ત્યાં દર્શન–જ્ઞાન–ચારિત્રનું લક્ષ નથી કરાવવું પણ દર્શન–જ્ઞાન–ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા–એમ આત્માનું લક્ષ કરાવવું છે. આત્માના અજાણ વ્યવહારીજનોને 'આત્મા' કહેતાં સીધો આત્માને સમજી શકતા નથી, તેથી એટલા જ્ઞાન–દર્શનના વ્યવહાર વડે આત્માને બતાવ્યો છે. પરંતુ જેમ બ્રાહ્મણે મ્લેચ્છ થવું યોગ્ય નથી તેમ સમજાવનારે કે સમજનારે એ વ્યવહારને અનુસરવું યોગ્ય નથી.

[ શ્રી સમયસાર ગાથા ૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

વ્યવહારમાત્ર–પર્યાયમાત્ર–ભેદમાત્ર હેય છે ને પરમાર્થ વસ્તુ જ ઉપાદેય છે તો પરમાર્થનો જ ઉપદેશ દેવો જોઈએ, વ્યવહારનો ઉપદેશ શા માટે કહો છો?–એમ શિષ્યના પ્રશ્નનો ઉત્તર કહેવામાં આવે છે.

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

જેમ અનાર્ય માણસને–મ્લેચ્છ માણસને–અનાર્યભાષા વિના કાંઈ પણ સમજાવી શકાય નહીં તેમ વ્યવહારીજનોને આત્મા–આત્મા એમ કહે તો શું સમજે? તેથી વ્યવહારીજનોને વ્યવહાર વિના પરમાર્થ સમજાવી શકાતો નથી. પરંતુ વ્યવહારથી પરમાર્થ પ્રગટે છે તેમ નથી હો! પણ વ્યવહારીજનોને વ્યવહાર વિના પરમાર્થ સમજાવી શકાતો નથી. આત્માના અજાણ પુરુષો આત્માના ભેદ વિના આત્માને સમજી શકતા નથી તેથી ભેદ પાડીને અભેદને સમજાવવામાં આવ્યો છે. જાણે છે તે આત્મા, વિશ્વાસ કરે છે તે આત્મા, એવા ગુણભેદ વિના અભેદ આત્માને વ્યવહારીજનો સમજી શકતા નથી, તેથી ગુણભેદથી સમજાવ્યું છે. પરંતુ સમજાવનારે ને સમજનારે ભેદ અનુસરવા લાયક નથી. ભગવાનના વિરહમાં આચાર્યો વ્યવહારથી જગતને સમજાવે છે અને ઉપદેશ કરે છે એવા વ્યવહારમાં પોતે આવ્યા છે. તેથી સમજાવનાર પણ વ્યવહારમાં આવ્યા છે પણ સમજાવનારે ને સમજનારે વ્યવહાર અનુસરવા લાયક નથી.

જેમ કોઈ મ્લેચ્છને બ્રાહ્મણે 'સ્વસ્તિ' શબ્દ કહ્યો પણ મ્લેચ્છને તેમાં કાંઈ સમજાતું ન હોવા છતાં, કંટાળો નથી આવતો પણ કહેનાર સામે ટગટગ જોયા કરે છે. 'સ્વસ્તિ' શબ્દના વાચ્યવાચકનું મ્લેચ્છને જ્ઞાન નહીં હોવાથી તે કાંઈ સમજતો નથી તેથી કહેનાર બ્રાહ્મણની સામે મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે. ત્યારે બ્રાહ્મણની અને મ્લેચ્છની બન્નેની ભાષાનો અર્થ જાણનાર એ બ્રાહ્મણ પોતે અથવા બીજો કોઈ જાણનારો

તે મ્લેચ્છને સમજાવે કે 'તારું અવિનાશી કલ્યાણ થાઓ. ' ત્યારે અત્યંત આનંદમય આંસુઓથી એટલે કે હરખના આંસુથી આંખ ભરાઈ જાય છે એવો મ્લેચ્છ 'સ્વસ્તિ' શબ્દનો અર્થ તુરત સમજી જાય છે.

તેવી રીતે દૃષ્ટાંત મુજબ વ્યવહારીજન અર્થાત્ અજ્ઞાનીજન પણ 'આત્મા' શબ્દના અર્થના જ્ઞાન રહિત હોવાથી કાંઈ પણ ન સમજી શકવાથી 'આત્મા' શબ્દ કહેનારની સામે મેંઢાની માફક આંખો ફાડી ફાડીને ટગટગ જોઈ રહે છે. નથી સમજાતું એમ કંટાળો નથી લાવતો પણ સમજવાની જિજ્ઞાસાથી ટગટગ જોયા કરે છે કે આ શું કહે છે?

ત્યારે વ્યવહાર અને નિશ્ચય બન્ને માર્ગનું જેને સમ્યગ્જ્ઞાન છે એટલે કે વ્યવહાર અને નિશ્ચય માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથ ચલાવનારા સારથી સમાન જે છે–એમ કહીને મુનિની વાત કરી; કેવળી તો એ વખતે હતા નહીં તેથી સમજાવનારા તરીકે મુનિને અહીં લીધા છે. આચાર્યદેવ કહે છે કે અમે નિશ્ચયમાં પણ છીએ અને સમજાવવાનો વિકલ્પ આવ્યો એ વ્યવહારનું પણ અમને જ્ઞાન છે. અમે પણ વ્યવહારમાં આવ્યા છીએ પણ એ આદરણીય નથી ને વિકલ્પથી ભાષા થશે તેના અમે કર્તા નથી. વ્યવહારથી તમને સમજાવીશું પણ વ્યવહાર કાંઈ આદરણીય નથી–એમ કહે છે.

જે સમયે સંતો હાજર હતાં એ સમયની અહીં વાત લીધી છે કે મુનિએ 'આત્મા' કહ્યો ને સમજનાર સમજ્યો નહીં ને તેને સમજાવવાનો કદાચ વખત ન રહ્યો, નિર્વિકલ્પતામાં ઊતરી ગયા તો નિશ્ચય ને વ્યવહાર માર્ગને સમ્યક્પણે જાણનાર બીજા સંતો તેને મળશે જ ને સાંભળનારો સમજશે જ–એવો જ જીવ અહીં લીધો છે.

જેને અંતર અનુભવ પણ છે ને સમજાવવાનો વિકલ્પ પણ આવ્યો છે એવા નિશ્ચય ને વ્યવહાર માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનારા સારથી મુનિરાજ છે. એવા મુનિરાજે 'આત્મા' કહેતાં વ્યવહારીજન કાંઈ સમજ્યો નહીં છતાં જિજ્ઞાસાથી ટગટગ જોઈ રહ્યો છે. ત્યારે એ મુનિરાજ પોતે અથવા તો પોતે નિર્વિકલ્પતામાં ઊતરી જાય તો પરમાર્થ ને વ્યવહાર માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથ ચલાવનારા બીજા સારથી મુનિરાજ સાંભળનારને 'આત્મા' શબ્દનો અર્થ સમજાવે છે કે 'દર્શન–જ્ઞાન–ચારિત્રને જે સદા પ્રાપ્ત હોય તે આત્મા છે. ' આત્માનો આવો અર્થ સાંભળતાં તુરત જ ઉત્પન્ન થતાં અત્યંત આનંદથી જેના હૃદયમાં સુંદર જ્ઞાનતરંગો ઊછળે છે એવો તે વ્યવહારીજન આત્માનો અર્થ સુંદર રીતે સમજી જાય છે એટલે કે સમ્યગ્દર્શન થાય છે. પહેલાં સાંભળી લઉં. પછી સમજીશ એવાની અહીં વાત નથી, સાંભળતાં જ આત્માનું જ્ઞાન કરી લે છે એવા શિષ્યની વાત કરી છે.

પ્રભુ! અમે આત્મા જેને કહીયે છીએ તે દર્શન–જ્ઞાન–ચારિત્ર ને સદા પ્રાપ્ત હોય છે; પણ રાગને પ્રાપ્ત હોય છે તે આત્મા–એમ નથી કહ્યું. ભેદ પાડીને બતાવવું તે વ્યવહાર છે પણ ભેદ પાડીને બતાવવું છે શું?–કે અભેદ આત્મા બતાવવો છે. વ્યવહારથી બતાવ્યો, પણ કયો વ્યવહાર? ચાલે તે આત્મા, દયા પાળે તે આત્મા, ભગવાનની ભક્તિ કરે તે આત્મા કે વ્યવહારને બરાબર જાળવી રાખે તે આત્મા –એવા વ્યવહારથી આત્મા બતાવ્યો નથી, પરંતુ દર્શન–જ્ઞાન–ચારિત્રને જે સદા પ્રાપ્ત હોય તે આત્મા છે–એવા વ્યવહારથી બતાવ્યો છે. વ્યવહારરત્નત્રયના રાગને લીધો જ નથી. ભેદથી કહ્યું માટે વ્યવહાર. પણ વ્યવહાર શું?–કે નિશ્ચય દર્શન–જ્ઞાન –ચારિત્રને સદા પ્રાપ્ત હોય તે આત્મા.

ગુરુએ શિષ્યને કહ્યું કે દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મ છે. છ દ્રવ્યની અહીં વાત ન લીધી. દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળ પર્યાયરૂપ પરિણમે તે આત્મા–એમ કહ્યું. ગુરુએ કહ્યું ને શિષ્યે ધ્યાનથી સાંભળ્યું. સાંભળનારને પણ ધગશ છે કે ‘આત્મા’ એટલે શું? ગુરુએ પણ છ દ્રવ્યની વાત ન કરતાં આત્મા કહ્યો. કેમ કે આત્માને જાણતાં છ દ્રવ્યને જ્ઞાનની પર્યાય જાણી લ્યે છે. તેથી કહ્યું કે અંદરમાં પ્રતીતિ–વિશ્વાસ, જ્ઞાન ને રમણતાની દશાને પ્રાપ્ત હોય તે આત્મા છે.

દિગંબર સંતોની વાત તો જુઓ! પોતે તો તૈયારીવાળા છે પણ સાંભળનાર પણ કેવા તૈયાર હોય છે! કહે છે કે દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. ત્યારે સાંભળનારનું લક્ષ દર્શન–જ્ઞાન–ચારિત્ર પર જતું નથી પણ એવા આત્મા ઉપર તેનું લક્ષ જાય છે. પરનો કર્તા હોય તે આત્મા કે દયા–દાન આદિ રાગરૂપે પરિણમે તે આત્મા એમ કહ્યું નથી પણ દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયપણે પરિણમે તે આત્મા એમ ભેદથી કહ્યું છે, પણ કહેનારનું કે સાંભળનારનું લક્ષ ભેદ ઉપર નથી. ભેદ પાડીને આત્મા બતાવવો છે, ભેદને બતાવવો નથી, ભેદથી અભેદને બતાવવો છે.

રાગપણે–વ્યવહારપણે પરિણમે એ આત્મા–એ તો કાઢી નાખ્યું. ફક્ત દર્શન –જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. દર્શન–જ્ઞાન–ચારિત્રને બતાવવા નથી પણ ભેદ વડે આત્મા બતાવવો છે. દ્રષ્ટિ આત્મા ઉપર કરાવવી છે. શ્રોતાઓ ભેદથી સાંભળે છે ને વક્તા ભેદથી કહે છે પણ બતાવવો છે આત્મા. ભેદ વડે બતાવવા છતાં ભેદ બતાવવો નથી, અભેદ આત્મા બતાવવો છે. દર્શન–જ્ઞાન–ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા–એમ આત્માને બતાવવાનો કહેનારનો આશય છે ને સાંભળનાર પણ અભેદનું લક્ષ કરે છે. જ્ઞાયક સ્વરૂપ આત્માની દ્રષ્ટિ કરવાથી દર્શન–જ્ઞાન–ચારિત્ર ઉત્પન્ન થાય છે તેથી આત્માને બતાવવા ભેદથી કહ્યું કે દર્શન–જ્ઞાન–ચારિત્રને સદા પ્રાપ્ત હોય તે આત્મા. શ્રોતાનું લક્ષ પણ દર્શન–જ્ઞાન–ચારિત્રના પરિણમન પર નથી પણ આત્માનું શ્રોતાને લક્ષ છે.

દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયે પરિણમે એ આત્મા; ત્યાં પરિણમન–પર્યાય તે આત્મા એમ નથી પરંતુ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમે તે આત્મા એમ કહીને આત્મા બતાવ્યો છે. આમ ગુરુએ કહ્યું ત્યારે શિષ્યની તત્કાળ આત્મા ઉપર દ્રષ્ટિ ગઈ. શ્રોતા એવા લીધા છે કે ગુરુએ આત્મા બતાવ્યો ને તુરત આત્મા ઉપર દ્રષ્ટિ ગઈ.

દર્શન–જ્ઞાન–ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા એમ કહ્યું પણ દર્શન–જ્ઞાન–ચારિત્રથી આત્મા પ્રાપ્ત થાય છે એમ ન કહ્યું. તેથી સાંભળનારને પણ આત્મા ઉપર લક્ષ જાય છે. ગુરુને લક્ષ તો ધ્યેયરૂપ આત્માનું કરાવવું છે તેથી ભેદથી સમજાવવા છતાં સમજાવ્યો છે આત્મા. તેથી 'આત્મા'ને સમજવા ગુરુ સામે જિજ્ઞાસાથી ટગટગ જોઈ રહેલો શ્રોતા જ્યારે ગુરુના શ્રીમુખેથી સાંભળે છે કે 'દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા' ત્યારે આત્માનો અર્થ સમજતાં તેની દ્રષ્ટિ તુરત આત્મા ઉપર પડે છે ને તત્કાળ અતીન્દ્રિય આનંદ સહિત જ્ઞાનતરંગો ઊછળે છે. એમ નથી કે આત્માને સમજે આજે ને આનંદ પછી ક્યારેક થાય. એ તો જેવો આત્માને સમજે એટલે કે જેવી આત્માની દ્રષ્ટિ થાય કે તુરત આનંદ તરંગો ઉત્પન્ન થાય છે.

હાજરાહજુર ભગવાન છે ને! જેની હાજરી લેવી પડતી નથી એવા આત્મા ઉપર જોર દેવાનું છે, એવા આત્માનું લક્ષ કરાવવા આચાર્યદેવે દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા–એમ આત્મા સમજાવ્યો છે. 'આત્મા' શબ્દનો આવો અર્થ શ્રોતા સમજ્યો ત્યાં તુરત જ દ્રષ્ટિ આત્મા ઉપર ગઈને તત્કાળ અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન થયો. સાંભળતાં તત્કાળ આત્મા ઉપર દ્રષ્ટિ ગઈ. એમ નહીં કે પહેલાં સાંભળી લઉં, અભ્યાસ કરી લઉં, પછી આત્માનું લક્ષ કરીશું–એવા શ્રોતાને શ્રોતા તરીકે અહીં લીધો નથી.

આવા 'આત્મા' ને સમજતાં તુરત જ અત્યંત આનંદ સહિત હ્રદયમાં સુંદર જ્ઞાનતરંગો ઉત્પન્ન થયા, બીજી રીતે જે જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ સાથે ન હોય તે જ્ઞાન નથી.

અતીન્દ્રિય આનંદની સાથે સમ્યક્જ્ઞાનની ધારા ઉત્પન્ન થઈ. રાગથી ભિન્ન, પોતાના સ્વરૂપથી અભિન્ન એવી ભેદજ્ઞાનની ધારા ઉત્પન્ન થઈ. આવી મહિમાવાળી ચીજ કદી સાંભળી નથી, એ સાંભળતાં, તેની દ્રષ્ટિ કરતાં, અત્યંત આનંદ સહિત સુંદર બોધતરંગ ઊછળવા લાગે છે, તત્કાળ અત્યંત આનંદસહિત બોધતરંગો ઊછળે છે એવો તે વ્યવહારીજન 'આત્મા' શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે.

આ રીતે જગત મ્લેચ્છના સ્થાને છે અને વ્યવહારનય મ્લેચ્છભાષાના સ્થાને છે, તેથી વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી વ્યવહારનય સ્થાપન કરવા યોગ્ય છે કેમ કે સમજાવવા માટે વ્યવહારનય છે પણ વ્યવહારનય આદરવાયોગ્ય નથી. જેમ બ્રાહ્મણે

મ્લેચ્છ થવું યોગ્ય નથી તેમ વ્યવહારનય સ્થાપન કરવા યોગ્ય છે પણ તે અનુસરવા યોગ્ય નથી, આદરવા યોગ્ય નથી.

અનાદિ અજ્ઞાની વ્યવહારીજનને અભેદનો અનુભવ નથી ને શુદ્ધનયને જાણતા નથી પણ તે તો અશુદ્ધનયને જ જાણે છે એટલે કે ભેદને જ જાણે છે. શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ છે અને અશુદ્ધનયનો વિષય ભેદ અનેકરૂપ છે. અશુદ્ધનયનો વિષય જે ભેદરૂપ અનેક પ્રકાર છે તેને અજ્ઞાની જાણતા હોવાથી તે ભેદ દ્વારા જ અભેદને સમજી શકે છે. માટે ભેદથી સમજાવ્યું કે દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા, જ્ઞાન તે આત્મા, જાણે તે આત્મા. વ્યવહારીજન એમ ભેદ દ્વારા સમજી શકે છે તેથી તેને વ્યવહારથી સમજાવ્યું છે. પણ કયો વ્યવહાર? કે એકરૂપ વસ્તુમાં ભેદ નહીં હોવા છતાં અનંતગુણો છે તેના ભેદ વડે સમજાવ્યું તે વ્યવહાર. વ્યવહાર કરતાં કરતાં–વ્યવહાર આચરણ કરતાં કરતાં નિશ્ચય થાય છે–એ વાત તો છે જ નહીં. ભેદ વડે અભેદને સમજાવ્યો છે. એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી છતાં ભેદ છે–વ્યવહાર છે તે અનુસરવા લાયક નથી.

જ્ઞાન તે આત્મા, રાગ તે અણાત્મા એમ ભેદ કરીને આત્મા બતાવ્યો. ભેદ વડે અભેદ બતાવ્યો છે. ભેદ વડે ભેદનો આશ્રય કરાવવો નથી પણ અભેદનું લક્ષ કરાવવું છે. ભેદ વડે અભેદ બતાવવો–એટલો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, પણ ભેદ વડે બતાવવો છે અભેદને. જેને સમ્યગ્દર્શન થતું નથી ને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે તેને પહેલાં ભેદથી સમજાવ્યું કે જ્ઞાન તે આત્મા. ત્યાં જ્ઞાન ઉપર લક્ષ રાખવા માટે જ્ઞાનથી આત્મા બતાવ્યો નથી પણ જ્ઞાનથી આત્મા બતાવતાં આત્મામાં જવા માટે ભેદથી અભેદ બતાવ્યો છે.

દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત હોય છે તે આત્મા; ત્યાં ભેદથી અભેદ બતાવ્યો છે, પણ ભેદનું–પર્યાયનું લક્ષ કરાવવું નથી, લક્ષ તો અભેદનું કરાવવું છે. દર્શન–જ્ઞાન–ચારિત્રથી આત્મા પ્રાપ્ત થાય છે તેમ નથી પણ તેમાં અને દર્શન–જ્ઞાન–ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા–આ બે વાકયમાં ઉગમણો–આથમણો ભેદ છે. પહેલાં વાકયમાં પર્યાયનું લક્ષ થાય છે અને બીજા વાકયમાં આત્માનું લક્ષ થાય છે; આત્માના લક્ષે દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રાપ્ત થાય પણ પર્યાયના લક્ષે દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ ન થાય તેથી કહ્યું કે દર્શન–જ્ઞાન–ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા.

રાગને જે પ્રાપ્ત હોય તે આત્મા કે રાગ વડે પ્રાપ્ત હોય તે આત્મા એમ તો નહીં પણ શર્દન–જ્ઞાન–ચારિત્ર વડે પ્રાપ્ત હોય તે આત્મા એમ પણ નહીં. આહાહા! દિગંબર સંતોની વાણી તો જુઓ! દર્શન–જ્ઞાન–ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા –એમ કહ્યું. જ્ઞાનીની

દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે અને અજ્ઞાનીની દૃષ્ટિ પણ દ્રવ્ય ઉપર લગાવવી છે એમ અહીં સિદ્ધ કરવું છે. જો 'દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે જે પ્રાપ્ત હોય તે આત્મા'-કહો તો દૃષ્ટિ પર્યાય ઉપર જાય છે. તેથી દર્શન-જ્ઞાન-ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા-એમાં વજન આત્મા ઉપર છે.-એમ પરિણમન દ્વારા આત્મા ઉપર લક્ષ લગાવ્યું છે. ભેદ વડે અભેદ ઉપર લક્ષ લગાવ્યું છે.

એ રીતે વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણીને તેનો ઉપદેશ કર્યો છે. અનાદિથી ૮૪ લાખ યોનીના દુઃખમાં ડૂબી ગયો છે તેને અભેદ આત્મા ભેદથી સમજવા સિવાય કોઈ ઉપાય નથી. પણ એ ભેદ ક્યો ?-કે દર્શન-જ્ઞાન-ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા-એટલા ભેદ વડે અભેદ સમજાવ્યો છે. પરંતુ એમ નથી કે ભેદ વડે ભેદનું આલંબન કરાવે છે, ભેદનું આલંબન છોડાવીને અભેદનું આલંબન કરાવે છે.

દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્મા પ્રાપ્ત થતો નથી પણ જે ચીજ દર્શન -જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમે તે આત્મા છે એમ વ્યવહાર વડે પરમાર્થને સમજી શકાય છે. દર્શન-જ્ઞાન-ચારિત્રનું આલંબન કરાવ્યું નથી પણ પરમાર્થનું આલંબન કરાવ્યું છે. દર્શન-જ્ઞાન-ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા એમ કહીને ભેદ વડે અભેદને બતાવ્યો છે. ભેદ દ્વારા બતાવ્યો ત્યાં ભેદનું આલંબન નથી કરાવ્યું પણ ભેદનું આલંબન છોડાવીને અભેદ આત્માનું આલંબન કરાવ્યું છે -એમ સમજવું.

## [ તું તને પોતાને જાણ... અનુસંધાન પાના નં. ૧૬ નું ચાલુ ]

રાગથી તું જણાય એવો નથી માટે રાગની અપેક્ષા છોડીને તું સ્વયં તને જાણ, અંતરમાં દૃષ્ટિ લગાવ. અંતરની જ્ઞાનક્રિયા દ્વારા તને જાણ ને તને માન ને તને અનુભવ.

આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે તેથી તે રાગનો કર્તા કેમ હોય ? માટે પરનો તો અકર્તા જાણ પણ રાગનો પણ તને અકર્તા જાણ, ત્યારે તને સમ્યગ્દર્શન અને શાંતિ થશે. બંધનના ભાવનો અકર્તા જાણ ને તને પોતાને સ્વયં જાણ તો મોક્ષમાર્ગની ધારા-પરિણતિ પ્રગટશે. રાગનો અકર્તા થા ને સ્વરૂપનું જ્ઞાન કર તો તને મોક્ષમાર્ગની પરિણતિ થશે. પરનો અકર્તા થઈને સ્વયં પોતાને જાણ ત્યારે તને સાધક દશાની શરૂઆત થશે. સાધકદશાની આ રીતે શરૂઆત થાય છે.

## ❀ તું તને પોતાને જાણ ને પરનો અકર્તા થા ❀

**‘હું તો ઉદાસીન જ્ઞાતા છું’ એવી નિવૃત્ત દશામાં જ શાંતિ છે. પોતે પોતાને જાણે અને પરનો અકર્તા થાય તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે અને સાધકદશાની શરૂઆત થાય. ૮૪.**

[ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

હું તો ઉદાસીન જ્ઞાતા છું. રાગ ને પરથી ઉદાસીન છું. પરદ્રવ્યથી તો હું ભિન્ન છું પણ જે રાગ છે તેનાથી પણ હું ઉદાસીન જ્ઞાતા છું. વ્રત–ભક્તિ આદિ હો પણ હું તો તેનાથી ઉદાસ ને સ્વસ્થ જ્ઞાતા છું. ચૈતન્યચંદ્ર, શીતળ શાંત સ્વરૂપ જ્ઞાતા હું છું ને રાગાદિભાવથી તો હું ઉદાસ–ભિન્ન છું. એમ પરથી ને રાગથી વિરક્ત છું, આવી નિવૃત્ત દશામાં શાંતિ છે.

રાગાદિ તો અશાંતિ છે. અશાંતિથી વિરક્ત ઉદાસીન છું, વ્યવહારના રાગથી પણ ઉદાસીન છું. પુણ્ય–પાપના ભાવ હો પણ તેમાં મારો અધિકાર નથી, હું તો તેનાથી વિરક્ત–ઉદાસ છું. મારો સ્વભાવ તો જ્ઞાતાદ્રષ્ટા છે. આવી નિવૃત્ત દશામાં શાંતિ છે. જ્ઞાતા કહો કે જિનસ્વરૂપ કહો એવો હું તો રાગથી ઉદાસીન છું. રાગમાં ને શરીરની ક્રિયામાં મારો બિલકુલ અધિકાર નથી. એવી નિવૃત્ત દશામાં જ શાંતિ છે.

વીતરાગતા એ શાંતિ છે. એ શાંતિ કેવી રીતે પ્રગટે ?–કે હું તો રાગથી ઉદાસ ને જ્ઞાતા છું એવી નિવૃત્ત દશામાં શાંતિ છે, વીતરાગતા છે. વ્રત–તપ આદિના વ્યવહાર રાગથી શાંતિ કેમ પ્રગટે ?–કેમ કે એ તો અશાંતિ છે. તેથી રાગથી ઉદાસ થઈને અંતર્મુખ દ્રષ્ટિ લગાવવી એવી જે નિવૃત્ત દશા તે શાંતિ છે.

હું તો જાણન–દેખન આનંદ–સ્વરૂપ પ્રભુ છું એમ સ્વનો આશ્રય લઈને સ્વયં પોતાને જાણે. પોતાની નિર્મળ પર્યાયથી પોતાને જાણે એનો અર્થ કે વ્યવહારના રાગથી જાણવામાં આવતો નથી પણ નિર્વિકલ્પ સ્વરૂપ ભગવાન આત્મા નિર્વિકલ્પ દશાથી પોતાને જાણે છે. શબ્દો થોડા છે પણ ભાવ ભરપૂર ભર્યા છે. ૮૪ લાખ યોનિના ફેરા મટાડવાની આ વાત છે.

પ્રભુ ! દુઃખની દશાથી તું ઉદાસીન થઈ જા, તેનાથી તારી ચીજ ભિન્ન છે.

[ અનુસંધાન પાના નં. ૧૫ પર ]

[ શાશ્વત સુખનો અધિકારી કોણ ? .......પૃષ્ઠ ૨ થી ચાલુ ]

છે. ઇન્દ્રિયો તો જડ–પર, શરીરાદિ જડ–પર, રાગ પણ પર પણ પોતાની પર્યાયમાં ભાવેન્દ્રિય જે ખંડખંડ જ્ઞાન બતાવે છે તે પણ પર છે. એ ખંડખંડ જ્ઞાનને વશ એ પરાધીનતા છે.

**પ્રશ્નઃ-** શાસ્ત્રનું જ્ઞાન પણ પરવશતા છે?

**ઉત્તરઃ-** શાસ્ત્રનું જ્ઞાન પણ પરાવલંબી છે, બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. કારણ કે શાસ્ત્રનું જ્ઞાન તો અનંતવાર થયું પણ કોઈ અબંધ પરિણામ તો થયા નહીં. અખંડ અભેદ જ્ઞાયકભાવની દ્રષ્ટિ કરવી તે સમ્યક્ છે. રાગને, શરીરને પોતાનો માનવો એ તો મિથ્યાત્વ છે પણ ખંડખંડ જ્ઞાન મારું છે એમ માનવું એ પણ મિથ્યાત્વ છે.

અહીં તો જે જ્ઞાન આત્માના લક્ષે થાય તેને જ જ્ઞાન કહે છે. જે જ્ઞાન ઇન્દ્રિયના લક્ષે થાય છે, શાસ્ત્રના લક્ષે થાય છે તેને જ્ઞાન કહેતાં નથી. ત્રિકાળી જ્ઞાયક ભગવાનના આશ્રય વિના અગિયાર અંગના જ્ઞાનને પણ જ્ઞાન કહેતાં નથી. એ ખંડખંડ જ્ઞાન છે તે દુઃખનું કારણ છે. ચૈતન્યજ્ઞાનપિંડને ધ્યેય બનાવીને જે જ્ઞાન થાય તે જ્ઞાન ભલે થોડું હોય તોપણ તે સમ્યગ્જ્ઞાન છે. એવા આત્મજ્ઞાન વિનાના ખંડખંડજ્ઞાનથી હજારો માણસોને સમજાવતાં આવડે તોપણ તે જ્ઞાન અજ્ઞાન છે, ને તે ખંડખંડજ્ઞાન પરવશ હોવાથી દુઃખ છે. પરસત્તાવલંબી જ્ઞાનને જ્ઞાન કહેતાં નથી.

ઇન્દ્રિયજ્ઞાનમાં આત્મા દૂર છે, સમીપ નથી. જે જ્ઞાનદર્શનમાં આત્મા સમીપ છે તેને જ્ઞાન કહે છે. ખંડખંડ જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ ક્યાં છે? એ જ્ઞાનમાં તો પરવશતાનું દુઃખ છે. ભલે પરવશ ખંડખંડ જ્ઞાનથી અગિયાર અંગનો ઉઘાડ થઈ ગયો ને નવમી ગ્રૈવેક ગયો પણ તે જ્ઞાન નથી, અજ્ઞાન છે.

સમયસારની ૩૧ મી ગાથામાં કહ્યું કે ખંડખંડ જ્ઞાન, ઇન્દ્રિયો ને તેના વિષયો એ બધા ઇન્દ્રિય છે. ભાવેન્દ્રિયને પણ ઇન્દ્રિય કહી છે. વીતરાગી ભગવાન ને તેની વાણી પરદ્રવ્ય હોવાથી ઇન્દ્રિય કહી છે. જે જ્ઞાન આત્માના આશ્રયે થાય તેને વિજ્ઞાનઘન કહ્યું છે અને જે જ્ઞાન ખંડખંડ છે, ઇન્દ્રિય–આધીન છે તેને અજ્ઞાન કહ્યું છે.

આ આત્મા છે એ તો અખંડશુદ્ધ ચૈતન્યઘન છે. તેમાં જે કાંઈ દયા–દાન આદિના પરિણામ થાય એ તો રાગ છે, દુઃખ છે, પણ ભાવઇન્દ્રિયથી જે કાંઈ ખંડખંડ જ્ઞાન થાય એ પણ દુઃખ છે. ખંડખંડ જ્ઞાનનો ઉપયોગ એ પરવશપણું છે. પરવશપણું છે તે દુઃખ છે. વ્યવહારરત્નત્રયનો રાગ તો દુઃખ છે પણ અંદરમાં જે એક એક વિષયને જાણવારૂપ ભાવઇન્દ્રિય તેનાથી જે ખંડખંડ જ્ઞાન થાય એ પણ દુઃખરૂપ છે.

શાસ્ત્રનું જ્ઞાન હો પણ તે ભાવઇન્દ્રિય દ્વારા સાંભળીને થયેલું જ્ઞાન છે, એ પણ ખંડખંડ જ્ઞાન છે, એ પરવશ છે તેથી દુઃખ છે, સ્વવશપણે એટલે કે અખંડને આશ્રયે જે જ્ઞાન થાય તે સમ્યક્ છે, તે સુખ છે. શુદ્ધ ને શાશ્વત પ્રભુ છે તેનો આશ્રય લેતાં સ્વવશતા થાય તે સ્વવશપણું એ શાશ્વત સુખનું કારણ છે, સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે.

વ્યવહારરત્નત્રય એ રાગ છે, રાગ છે એ દુઃખ છે, તેનાથી ધર્મ માનવો એ તો મિથ્યાત્વ છે. અહીં કહે છે કે પવિત્ર અને કાયમી રહેનારું જે ચૈતન્યતત્ત્વ છે તેનું જેણે અવલંબન લીધું તે સ્વવશ છે ને તે સુખી છે. પરના આશ્રયે થતાં વિકલ્પો, રાગ પરાધીનતા, પરવશતા છે તેનાથી ધર્મ માનવો એ તો મિથ્યાત્વનું પોષણ, ઝેરનું પોષણ છે શુદ્ધ ને શાશ્વત વસ્તુ છે તેના આશ્રય વડે પર્યાયમાં શાશ્વત સુખ પ્રગટ થાય તે ધર્મ છે.

## ❀ ચૈતન્ય બાદશાહનો સ્વભાવ તો જુઓ ! ❀

આહાહા ! ચૈતન્ય બાદશાહનો સ્વભાવ તો જુઓ ! કેવો અગમ્ય છે! કેવળજ્ઞાનની પર્યાય હોય કે મિથ્યાત્વની પર્યાય હોય કે સમ્યગ્દર્શનની પર્યાય હોય પણ જ્ઞાયકભાવ એકપણું છોડતો નથી, જ્ઞાયકભાવ તો જ્ઞાયકરૂપ જિન સ્વરૂપ જ રહ્યો છે. નિગોદની પર્યાય અક્ષરના અનંતમાં ભાગે રહી ગઈ છે ને કેવળજ્ઞાનની પર્યાય અનંત અવિભાગ–પ્રતિચ્છેદ સહિત પૂરણ પ્રગટ થઈ છતાં જ્ઞાયક–ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. સ્વર્ગ, નરક, નિગોદ આદિ અનેક પર્યાયમાં રહ્યો છતાં ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. નવતત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેક રૂપે દેખાય, અનેક સ્વાંગો ધારણ કરે છતાં ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. આર્ત્ત–રૌદ્ર ધ્યાનના અનેકરૂપ વિચિત્ર શુભાશુભ ભાવના બંધનમાં આવવા છતાં ચૈતન્યજ્યોતિ એકપણું કદી છોડતી નથી. આહાહા ! જ્ઞાનજ્યોતિ નવતત્ત્વની સંતતિમાં આવવા છતાં, અનેક સ્વાંગો ધારવા છતાં, પોતાનું એકપણું છોડતી નથી. અહો ! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણનો અંત નથી –એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપ જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીર સ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાંસુધી ખરો મહિમા આવે નહિ, એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય ને અતીન્દ્રિય આનંદનો સ્વાનુભવ થાય. [ –પૂજ્ય ગુરુદેવશ્રી ]

# દ્રવ્યસ્વભાવના આલંબન વડે સંવર-નિર્જરા પ્રગટ કર

**છબી પાડવામાં આવે છે ત્યાં જે પ્રમાણે મુખ પરના ભાવ હોય તે પ્રમાણે કાગળમાં કુદરતી ચિતરાઈ જાય છે, કોઈ દોરવા જતું નથી. એવી રીતે કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા તેવું આ ચિતરામણ થયું છે. જોકે આત્મા કર્મમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી, તોપણ ભાવને અનુરૂપ જ ચિતરામણ સ્વયં થઈ જાય છે. હવે દર્શનરૂપ, જ્ઞાનરૂપ, ચારિત્રરૂપ પરિણમન કર તો સંવર-નિર્જરા થશે. આત્માનો મૂળ સ્વભાવ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે, તેનું આલંબન કરતાં દ્રવ્યમાં જે (શક્તિરૂપે) પડ્યું છે તે (વ્યક્તિરૂપે) બહાર આવશે. ૭૬.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

ફોટો પાડતાં મુખ ઉપર જે ભાવ હોય તે પ્રમાણે કાગળમાં કુદરતી ચિતરાઈ જાય છે. જોકે સામેના પરમાણુ કાગળમાં નથી આવતાં પણ કાગળમાં પરમાણુ પોતે કુદરતી એ પ્રમાણે ચિતરાઈ જાય છે. એવી રીતે કર્મનો ઉદય આવે ત્યારે સમજવું કે પૂર્વે મેં જેવા ભાવ કર્યા હતા એવું આ ચિતરામણ થયું છે. જોકે આત્મા કર્મમાં પ્રવેશીને કાંઈ કરતો નથી પણ પોતે જેવો ભાવ કર્યો હોય તેને અનુરૂપ કર્મમાં સ્વયં ચિતરામણ થઈ જાય છે. શુભાશુભ ભાવ નિમિત્ત હતા ને જે પરમાણુ કર્મપણે પરિણમવાની લાયકાતવાળા હતા તે કર્મપણે બંધાયા હતા અને તે કર્મના ઉદયના નિમિત્તમાં નવા સંયોગ સ્વયં આવે છે.

પૂર્વે શુભાશુભ કર્યા હતાં તેના નિમિત્તથી કર્મના રજકણ બંધાયા હતા ને તેના નિમિત્તથી નવા સંયોગ આવ્યા હતા. હવે તારે એ શુભાશુભ રોકવા હોય તો તું દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમન કર. મોક્ષમાર્ગરૂપ પરિણમન કર તો પુણ્ય–પાપના ભાવ નહીં થાય અને તો બહારનું ચિતરામણ પણ નહીં મળે. દર્શન–જ્ઞાન –ચારિત્રરૂપ હવે પરિણમન કર તો સંવર–નિર્જરા થશે.

પ્રભુનો મૂળ સ્વભાવ–ત્રિકાળસ્વભાવ દર્શન, જ્ઞાન, આનંદ ચારિત્ર છે. એ ત્રિકાળી

પડયા છે, એ શક્તિરૂપે છે, એનું જો આલંબન લે તો દ્રવ્યમાં જે શક્તિરૂપે છે તે વ્યક્તિરૂપે બહાર આવશે. તારે સંવર–નિર્જરા કરવી હોય તો સ્વ–સ્વભાવમાં અનંતચતુષ્ટય ત્રિકાળ છે તેનું આલંબન લે. વસ્તુમાં જે દર્શન–જ્ઞાન આદિ સ્વભાવરૂપ શક્તિ છે તેનું આલંબન લે તો તે વ્યક્તરૂપ થશે.

શુભાશુભ ભાવ તો કૃત્રિમ ઊભા કર્યા હતા, એ કાંઈ અંદર પડયા નથી. એ તો સંયોગી ભાવ છે. હવે તારે સંયોગભાવ રહિત થવું હોય તો સંવર–નિર્જરા કર. સંવર–નિર્જરા કેમ થશે?–કે દ્રવ્યનું આલંબન લે. દ્રવ્યનું આલંબન લેવાથી જે સ્વભાવમાં શક્તિરૂપે દર્શન–જ્ઞાન આદિ પડયા છે તે વ્યક્તિરૂપ થશે. તારે આસ્રવ રોકવો હોય ને સંવર નિર્જરા કરવા હોય તો સ્વભાવની દ્રષ્ટિ કર. શક્તિમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર ભર્યા પડયા છે તેથી પરિણમનમાં સંવર–નિર્જરા પ્રગટ થશે. શક્તિમાં છે તે વ્યક્તિરૂપે બહાર આવશે.

જે કોઈ શુભાશુભભાવ કરશે તેને કર્મ સ્વયં બંધાશે ને તેનો સંયોગપણ સ્વયં આવશે. પણ તેનું તાત્પર્ય એ કે સંયોગને દેખશે અને તેને દેખતાં રાગ દ્વેષ થશે જે શુભાશુભથી બંધન કર્યું ને એ બંધનમાં સંયોગ મળ્યા તેને દેખતાં રાગ–દ્વેષ થશે. પુણ્ય–પાપના ભાવમાં તેને ભવિષ્યમાં રાગ–દ્વેષ દેખાશે. વર્તમાનમાં રાગ દ્વેષ કરે છે તેથી તેના બંધનમાં ને તેના સંયોગમાં તેને રાગ–દ્વેષ દેખાશે. આત્મા દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ છે એનું અવલંબન લઈને જેણે વીતરાગતા–સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર રૂપ પરિણામ પ્રગટ કર્યા, તેને વીતરાગતા દેખાશે, આત્મામાં દર્શન–જ્ઞાન–ચારિત્ર ભર્યા છે તેથી તેના આલંબનથી થતાં પરિણામને દેખતાં એ વીતરાગી પરિણમને દેખશે. સમયસાર ગાથા ૭૪ માં આવે છે કે શુભરાગ વર્તમાનમાં દુઃખ છે ને ભવિષ્યમાં પણ દુઃખનું કારણ છે. શુભરાગ વર્તમાનમાં દુઃખ છે ને ભવિષ્યમાં તેના સંયોગ મળતાં તેમાં લક્ષ જતાં રાગ થશે એટલે કે દુઃખ થશે.

અરાગી મોક્ષમાર્ગ પ્રગટ કરવો છે ને! તેથી અનંત દર્શન–જ્ઞાન–ચારિત્ર સ્વરૂપ એવા આત્માનો આશ્રય લે તો જે દશા પ્રગટ થશે તે વીતરાગી જ થશે. વીતરાગીને જોઈશ તો વીતરાગતા વધશે. રાગી રાગવાળા સંયોગને જોવે છે તેથી તેને દુઃખ દેખાશે અને સ્વને દેખતા આનંદ દેખાશે.

જે કાંઈ શુભાશુભ ભાવ કરશે તેના ફળ તરીકે સંયોગો આવશે ને એ સંયોગને દેખશે તો રાગ–દ્વેષ થશે એટલે કે જે શુભાશુભભાવ કરે છે તે દુઃખને કરે છે ને તેના ફળ આવતાં તેના પર લક્ષ કરતાં દુઃખ જ થશે. વસ્તુ દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ શક્તિરૂપે છે જ. તેને અવલંબશે તે સુખને અનુભવશે ને સુખને દેખશે. શુભાશુભ કરનારને સંયોગ આવશે ને સંયોગને દેખશે એટલે રાગ–દ્વેષ કરશે. આત્માને અવલંબશે

તો આત્મામાં ત્રિકાળી શ્રદ્ધાગુણ છે તેની સમકિતની પર્યાય પ્રગટ થશે. પૂર્ણ આનંદ, પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ ચારિત્રથી ભરેલા આત્માના અવલંબનથી શ્રદ્ધાનો સુધારો થાય, જ્ઞાનનો સુધારો થાય, અસ્થિરતાનો સુધારો થાય–એ જ મૂળ વસ્તુ છે.

જેટલા પુણ્ય–પાપના ભાવ કરે તેને સંયોગ મળશે, કેમ કે તે સંયોગી ભાવ છે, તેનાથી સંયોગો મળશે ને તેને દેખશે એટલે રાગ દ્વેષ થશે અને પૂર્ણાનંદ પ્રભુનું આલંબન લેશે તેને શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર આદિ થશે. તેને રાગાદિ થાય છતાં તે રાગને જાણતાં જ્ઞાનને જાણશે. મિથ્યાત્વને છોડવું હોય તો શુદ્ધ ચૈતન્યને જાણવાનો પ્રયત્ન કર. શુદ્ધ ચૈતન્ય આત્માને દેખતાં અંદર વીતરાગતા દેખાશે. અહીં ભાષા બહેનશ્રીની છે પણ ભાવ બહુ ગંભીર છે.

## [ જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિ...અનુસંધાન પેઈજ ૨૩ થી ચાલુ ]

રાગથી ભિન્ન ભગવાન આત્મા છે એમ ઉપર આવી જા. રાગના દબાણમાં તું દબાઈ ગયો છો, પર્યાયબુદ્ધિના દબાણમાં તું દબાઈ ગયો છો તેથી તેનાથી જુદો પડીને તને ઉપર લાવ. રાગથી ભિન્ન પડીને તારી પર્યાયમાં ચૈતન્યનો વિકાસ થાય એ રીતે ઉપર આવી જા. ત્રિકાળી ભૂતાર્થ સત્યાર્થને પ્રગટ કરવા પર્યાયદ્રષ્ટિ નથી એમ ગૌણ કરી નાખ, યથાર્થ નથી જ એમ નથી પણ ત્રિકાળીની દ્રષ્ટિ કરવા નથી એમ ગૌણ કરી નાખ.

પ્રભુ પ્રભુને એમ કહે છે કે પ્રભુ ! અમારી ઉપર દ્રષ્ટિ કરતાં તને જે રાગ થાય એ તું નહીં. તું તો રાગથી ભિન્ન ચૈતન્ય છો, ચૈતન્ય તો નિર્મળ જ છે. ત્રિકાળી દળ છે એ તો નિર્મળ જ છે. રાગનો અંશ છે એ તો તેને અડયો જ નથી. કર્મ, તેનો ઉદય, સત્તા, સ્થિતિ, અનુભાગ તથા વિકલ્પ વગેરે તારાથી તો અત્યંત ભિન્ન છે. અંતરની આવી વાતો છે. ૮૪ ના અવતાર ઉલેચી નાખવાની વાત છે. આનંદનો નાથ તું છો. એને તું જો કે જેમાં–તારા સ્વભાવમાં પુણ્ય–પાપના વિકલ્પો પણ નથી. પુણ્ય–પાપના રાગમાં ઘેરાઈ ગયો છો પ્રભુ એ તારું સ્વરૂપ નથી. તું દુશ્મનમાં ઘેરાઈ ગયો છો, ત્યાંથી પાછો વળ ભાઈ ! તારા સ્વજનો અંદર પડયા છે. આહાહા ! આઠ વર્ષના રાજકુમારો હજુ તો ભણવા પણ ન બેઠા હોય ત્યાં આ વાત સાંભળતાં આખો આત્મા ફરી ગયો, જે જાણવું હતું તે તેમને જણાઈ ગયું ! અહોહો–એવી આ વાત છે.

તારું દ્રવ્યસ્વરૂપ છે એ રાગથી અત્યંત જુદું છે કેમ કે દયા–દાનનો વિકલ્પ તો અચેતન છે એ ચૈતન્યને કેમ અડે ?

## જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થ પ્રગટ કર

શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે, પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય–અરીસામાં પ્રતિબિંબરૂપ છે. જ્ઞાન–વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. યથાર્થ દ્રષ્ટિ (દ્રવ્ય ઉપર દ્રષ્ટિ) કરી ઉપર આવી જા. ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે. અનેક જાતના કર્મનાં ઉદય, સત્તા, અનુભાગ તથા કર્મ–નિમિત્તક વિકલ્પ વગેરે તારાથી અત્યંત જુદાં છે. ૭૯.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

મિથ્યાદ્રષ્ટિ કે જેને ધર્મની ખબર નથી તેને જાણે રાગ આત્મામાં પેસી ગયો હોય એવું લાગે છે. દયા–દાન આદિનો વિકલ્પ છે તે રાગ છે, તે આત્મામાં પેસી ગયો હોય એમ જે માને છે તે મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાની છે. પરંતુ રાગથી ભિન્ન પડીને ભેદ–વિજ્ઞાન કરે છે, સમ્યગ્દર્શન કરે છે ત્યારે અરીસામાં જેમ બીજી ચીજ દેખાય તેમ જ્ઞાનમાં રાગ ભિન્નપણે જણાય છે. ધર્મી જીવને અતીન્દ્રિય જ્ઞાનનું જ્ઞાન હોવાથી તેની પર્યાયની નિર્મળતા એવી હોય છે કે અરીસામાં જેમ અગ્નિ જણાય તેમ જ્ઞાનમાં રાગ જણાય છે પણ રાગનું જ્ઞાન નથી, રાગ સંબંધી જ્ઞાનનું જ્ઞાન છે.

દેવ–ગુરુની શ્રદ્ધા, પંચ મહાવ્રતાદિનો રાગ છે તે અંદર પેઠા નથી પણ અરીસામાં જેમ પર ચીજ પ્રતિબિંબ તરીકે જણાય છે તેમ જ્ઞાનમાં રાગ પ્રતિબિંબ તરીકે જણાય છે. ભગવાન ચૈતન્યઅરીસો છે ને તેમાં રાગ પ્રતિબિંબ તરીકે છે. અરીસામાં અગ્નિ દેખાય છે પણ એ અગ્નિ નથી, અરીસાની અવસ્થા છે. તેમ રાગ છે એ દુઃખ છે અને તેનું જ્ઞાન થતાં એ જ્ઞાન રાગનું નથી પણ અનાકૂળ આનંદનું જ્ઞાન છે, રાગનું જ્ઞાન નથી. ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ રાગથી ભિન્ન છે, તેમાં રાગ જણાયો પણ તે રાગ સ્વરૂપમાં નથી, તો રાગ જણાયો ને ?–કે એ તો પ્રતિબિંબરૂપે ઝલકતું જ્ઞાન થયું.

જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળીને જાણે છે ને રાગાદિને જાણે છે, કેમ કે એ તો જાણનારો જ્ઞાયક પ્રભુ છે. અંદર જોતાં જ્ઞાયકસ્વરૂપને પર્યાય જાણે ને બહાર જોતાં રાગનું જ્ઞાન થાય તેને પર્યાય જાણે છે.


ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે તે રાગ રહિત વૈરાગ્ય સ્વરૂપ છે. પરથી ઉદાસ સ્વરૂપ છે ને સ્વરૂપથી ભરેલો છે. એવી જ્ઞાન ને વૈરાગ્યની અચિંત્ય શક્તિ છે. પુણ્યના ભાવથી પણ વિરક્તપણે વર્તે છે તે વૈરાગ્ય છે. સમ્યગ્દ્રષ્ટિ ચોથે ગુણસ્થાને હોય પણ તેને જ્ઞાન ને વૈરાગ્યની બે શક્તિઓ પ્રગટેલી હોય છે. સ્વરૂપના જ્ઞાનની શક્તિ પણ અચિંત્ય છે ને આત્માના રાગના અભાવની વૈરાગ્ય શક્તિ પણ અચિંત્ય છે, તેથી જ્ઞાન ને વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. દ્રવ્યની દ્રષ્ટિ કરીને ઉપર આવી જા. અંદર રાગમાં ઘરી ગયો છો તો હવે ઉપર આવી જા.

શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર પેસી ગયો હોય તેવું દેખાય છે. ચૈતન્ય–પ્રકાશમાં જાણે દયા–દાન આદિનો રાગ પેસી ગયો હોય એમ અજ્ઞાનીને દેખાય છે. પવિત્ર પ્રભુ જે સમ્યગ્દર્શનનો વિષય છે તેમાં જાણે રાગ પેસી ગયો હોય તેમ અજ્ઞાનમાં દેખાય છે. આત્મા નિરુપાધિ સ્વરૂપ છે ને રાગ ઉપાધિ સ્વરૂપ છે તેમ ભેદવિજ્ઞાન કરતા, બેની એકતા તોડતાં, બે છે તેને બેપણે કરતાં, રાગ ક્ષણિક કૃત્રિમ ને સ્વભાવ ત્રિકાળી અકૃત્રિમ એમ ભેદજ્ઞાન કરતાં રાગાદિ જ્ઞાનઅરીસામાં પ્રતિબિંબસ્વરૂપ છે. જેમ અરીસામાં અગ્નિ પ્રતિબિંબરૂપ છે તેમ ભેદજ્ઞાન કરતાં ચૈતન્યના પ્રકાશરૂપી અરીસામાં રાગ પ્રતિબિંબરૂપ જણાય છે. જોકે રાગ જણાય છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો રાગ સંબંધી પોતાનું જ્ઞાન છે એ જ્ઞાન જણાય છે. રાગને ભિન્ન પાડીને આત્માનું જ્ઞાન કર્યું તે જ્ઞાનમાં રાગ સંબંધી પોતાનું જ્ઞાન જણાય છે, એ જ્ઞાન રાગને લઈને થયું નથી.

અજ્ઞાની પરાધીનતાથી આકુળતામાં પીલાઈ ગયો છે. આનંદસ્વરૂપ હોવા છતાં પુણ્ય–પાપની આકુળતામાં ઘેરાઈ ગયો છે, બહારથી પૈસાવાળો આદિ ભલે દેખાય પણ અંદરમાં તે દુઃખી છે. અહીં કહે છે કે રાગથી ભિન્ન પડીને આત્માને જાણતાં એ જ્ઞાનની સ્વચ્છતાને લઈને તેમાં રાગ જણાય છે, જેમ અરીસામાં બીજી વસ્તુ જણાય છે તેમ.

જ્ઞાન ને વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. રાગથી ભિન્ન પડેલા જ્ઞાનથી ને રાગની વિરક્તિરૂપ વૈરાગ્યથી ધારાવાહી પુરુષાર્થ કર. યથાર્થ દ્રષ્ટિ કરી ઉપર આવી જા એટલે કે રાગથી ભિન્ન પડી જા. પ્રભુ તારી ભૂમિકામાં તો અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ પાકે એવો તું છો. પુણ્ય–પાપનો કૂવો એ તો ઝેરી ગેસવાળો છે. તેને જોવા જતાં આત્મા મરી જાય છે ને બાજુમાં ચૈતન્ય કૂવો છે તેને જોવા જાય છે ત્યાં ક્રમે ક્રમે કર્મો નાશ પામે છે સંસાર મરી જાય છે, ને જીવ જીવતો થાય છે.

[ અનુસંધાન માટે જુઓ પેઈજ નં. ૨૧ ]




પ્રશ્નઃ– રાગમાંથી લક્ષ ફેરવી સ્વરૂપમાં લક્ષ કેવી રીતે જાય ?

ઉત્તરઃ– કોઈ વેદનાના કાળે બીજી કોઈ મોટી અનુકૂળતાનો પ્રસંગ આવતા રોગમાંથી લક્ષ ફેરવીને આનંદિત થઈ જાય છે ને! તેમ સ્વરૂપનો મહિમા લાવે તો,... અપૂર્વ મહિમા આવતાં રાગમાંથી લક્ષ છૂટી સ્વરૂપની રુચિને લક્ષ થાય છે.

* લક્ષ્મણને શક્તિ વાગતાં રાત્રિના રામચંદ્ર આદિ વિશલ્યાની કેટલી ઝંખનાથી રાહ જોવે છે કે ક્યારે વિશલ્યા આવે! ક્યારે આવે! તેમ આ મરેલાં ચૈતન્યને જાગૃત કરવા જ્ઞાનના સ્વભાવને જેમ છે તેમ જાણવાની ઊંડી ઝંખના જાગવી જોઈએ.

પ્રશ્નઃ– શરીર તો આત્માથી જુદું કહ્યું, તે તો ઠીક, પણ રાગ આત્માથી જુદો, એ જરા કઠણ પડે તેવું છે!

ઉત્તરઃ– ચૈતન્યમાં અંદર ગયો એટલે પુણ્ય–પાપ ભાવનો સાક્ષી થઈ ગયો તેથી તે ભાવે જુદા છે, કાળે જુદા છે, ક્ષેત્રે પણ જુદા છે. વસ્તુ જુદી જ છે. આત્મા તો એકલો જ્ઞાનઘન ચૈતન્યપુંજ છે.

પ્રશ્નઃ– તત્ત્વનો નિર્ણય કરવામાં કેટલા વર્ષ કાઢવા ?

ઉત્તરઃ– કાર્ય થઈ જાય તો અંતર્મુહૂર્તમાં થાય અને નહીં તો જાવજીવ (–આજીવન) એ નિર્ણય કરવામાં કાળ જાય. આમાં કાળનો પ્રશ્ન જ ક્યાં છે? જેટલું વીર્ય ઉલ્ટામાં રોક્યું છે તેને ગુલાંટ મારીને આ તરફ વાળે તો કાર્ય થયા વિના રહે જ નહીં. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ આપતો નથી ત્યાં સુધી કાર્ય આવતું નથી.

પ્રશ્નઃ– આત્માની રુચિ હોય ને અહીં સમ્યક્દર્શન ન થાય તો બીજા ભવમાં થાય ?

ઉત્તરઃ– આત્માની સાચી રુચિ હોય તેને સમ્યગ્દર્શન થાય ને થાય થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ હોય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણકાળમાં બને જ નહીં, વીર્યમાં હીણપ ન આવવી જોઈએ. વીર્યમાં ઉત્સાહ ને નિઃશંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ–એમ એના નિર્ણયમાં

આવવું જોઈએ.

* જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીસે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડયો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઊતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! અને સ્વર્ગની અનુકૂળતામાં પડયો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઊતરી જાય છે, અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે મારે આમ છે ને તેમ છે–તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઊતરી જા ને! ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી.

પ્રશ્નઃ– નિશ્ચય શ્રુતકેવળી કોને કહે છે?

ઉત્તરઃ– દર્શન–જ્ઞાન–ચારિત્રથી જે આત્માને અનુભવે છે તે નિશ્ચય શ્રુતકેવળી છે. જેમાંથી કેવળજ્ઞાન પ્રગટ થવાનું છે એવા આત્માને જેણે સ્વાનુભવથી જાણ્યો તે પરમાર્થે શ્રુતકેવળી છે તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન ચોક્કસ થવાનું છે, તેથી તેને પરમાર્થે શ્રુતકેવળી કહ્યો છે અને એ આત્માને જાણનાર જે શ્રુતજ્ઞાનપર્યાય છે જેમાં જ્ઞાન તે આત્મા એવો ભેદ પડે છે તે જ્ઞાનપર્યાયને વ્યવહાર શ્રુતકેવળી કહે છે, જે જ્ઞાનપર્યાય સર્વને જાણે છે તે સ્વ–પરને જાણનારી જ્ઞાનપર્યાય સર્વ શ્રુતજ્ઞાન છે–તેને વ્યવહાર શ્રુતકેવળી કહે છે.

* સમયસાર ગાથા ૧૧ મી એ તો જૈનદર્શનના પ્રાણ સમાન છે. તેમાં નિશ્ચય–વ્યવહાર નયની વાત કરી છે તેને યથાર્થ જાણવી જોઈએ. રાગ, પર્યાય ને ગુણભેદ, તે વ્યવહારનયનો વિષય છે, તે ત્રિકાળી વસ્તુમાં નથી. તેથી વ્યવહારનયને જૂઠો કહીને અભૂતાર્થ કહ્યો છે એટલે પર્યાય છે જ નહિ તેમ સીધો અર્થ થાય છે, પરંતુ તેમ નથી, પર્યાય છે ખરી પણ ત્રિકાળી વસ્તુ તે પર્યાય નથી તેથી પર્યાયની ઉપેક્ષા કરીને ગૌણ કરીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકની દ્રષ્ટિ કરાવવી છે. કેમ કે ત્રિકાળી દ્રવ્યને મુખ્ય કરીને દ્રવ્યનો અનુભવ કરાવવાનું પ્રયોજન છે. જ્ઞાન તે આત્મા એવો ભેદ પણ દ્રષ્ટિના વિષયમાં આવતો નથી. અભેદ દેખનારની દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી, સત્યાર્થ દેખનારને અસત્યાર્થ દેખાતો નથી, નિત્ય દેખનારને અનિત્ય દેખાતો નથી, ભૂતાર્થ દેખનારને અભૂતાર્થ દેખાતો નથી, એકાકાર દેખનારને અનેકાકાર દેખાતો નથી. તેથી ભેદરૂપ વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે અને નિશ્ચયનયના વિષયભૂત ત્રિકાળી ધ્રુવવસ્તુ એક જ ભૂતાર્થ હોવાથી તેનો આશ્રય કરાવ્યો છે.

* અહો! આ આત્મતત્ત્વ તો ગહન છે. એને આંખો વીંચીને, બહારના પાંચે ઇન્દ્રિયનો વેપાર બંધ કરીને, મનના સંબંધથી વિચાર કરે કે અહો! આ આત્મવસ્તુ

અચિંત્ય છે, જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ છે–એવો વિકલ્પથી નિર્ણય કરે છે તે હજુ પરોક્ષ નિર્ણય છે. પરોક્ષ એટલે પ્રત્યક્ષ સ્વાનુભવ નથી થયો માટે તેને પરોક્ષ કહ્યો. મનથી બહારનો બોજો ઘણો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાંથી પણ પછી ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય એને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે ને તેને પામવાનો આ ઉપાય છે. આમાં કાંઈ મૂંઝાવા જેવું નથી. સ્વભાવનો આશ્રય તો મૂંઝવણને ટાળી નાખે છે. અત્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા છે તેને તો મનથી પણ સાચો નિર્ણય કરવાનો વખત નથી.

* આહાહા! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે, ક્યાં શરીર ને ક્યાં આત્મા! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહા! આવો દુર્લભ મનુષ્ય દેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહા ભાગ્યે મળ્યો છે તેને મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઇન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે એવા સ્વભાવનો મહિમા આવે એને અંદર પુરુષાર્થ ઉપડયા વિના રહે જ નહિ.

પ્રશ્નઃ– જિનવાણીમાં કહેલાં વ્યવહારનું ફળ જો સંસાર છે તો જિનવાણીમાં કહ્યો શું કામ?

ઉત્તરઃ– નિશ્ચય દર્શન જ્ઞાન ચારિત્રની સાથે અપૂર્ણદશાના કારણે રાગની મંદતામાં કેવા કેવા પ્રકારનો મંદ રાગ હોય, ચોથા, પાંચમાં છઠ્ઠા ગુણસ્થાનોની ભૂમિકામાં કેવો મંદ રાગ હોય, પૂજા ભક્તિ અણુવ્રત મહાવ્રત આદિ હોય તેનો વ્યવહાર બતાવવા જિનવાણીમાં કહ્યું છે; પણ એ રાગની મંદતાના વ્યવહારનું ફળ તો બંધન ને સંસાર છે.

* પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિનો છે જ. રાગી દ્વેષી તે જીવ, મનુષ્યાદિ ગતિવાળો તે જીવ–એમ ભેદરૂપ પક્ષ તો જીવને અનાદિનો છે જ અને તેનો ઉપદેશ પણ સર્વપ્રાણી માંહોમાંહે બહુ કરે છે. દયા–દાન–પૂજા કરો, વ્રત–તપ આદિ વ્યવહાર કરો, તેનાથી લાભ થશે, મનુષ્ય શરીર આદિ અનુકૂળ સાધનો હોય તો ધર્મનો લાભ થાય, શુભરાગ કરતાં કરતાં ધર્મ થાય–એમ વ્યવહારથી લાભ થવાનો ઉપદેશ પરસ્પર ઘણા જીવો કરે છે ને સાંભળનારા તેને હોંશથી હા.. હા કરે છે. વળી જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયને સહચર, હસ્તાવલંબન, નિમિત્તરૂપ જાણી બહુ કર્યો છે પણ એ વ્યવહારનું ફળ સંસાર છે. સમકિતીને જ સાચો વ્યવહાર આવે છે, પણ તેનું ફળ સંસાર છે. દયા–દાન–પૂજા–ભક્તિ–વ્રત–તપ આદિના વિકલ્પો

પર્યાયમાં આવે છે ખરા પણ તેને ગૌણ કરી વ્યવહાર કહી અભૂતાર્થ કહીને નિશ્ચયનયનો આશ્રય કરાવ્યો છે.

પ્રશ્નઃ– પહેલાં અશુભરાગ ટાળે ને શુભરાગ કરે તો પછી શુદ્ધભાવ થાય તેવો ક્રમ તો છે ને ?

ઉત્તરઃ– એ ક્રમ જ નથી. પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ કરે છે પછી એકદમ શુભરાગ ટાળી શકતો નથી તેથી પહેલાં અશુભરાગ ટાળીને શુભરાગ આવે છે, એ સાધકના ક્રમની વાત છે.

પ્રશ્નઃ– તો અજ્ઞાનીને શું કરવું ?

ઉત્તરઃ– અજ્ઞાનીને પહેલાં વસ્તુસ્વરૂપ સાચું જ્ઞાન કરીને આત્માનું ભાન કરવું. એ સમ્યગ્દર્શન પામવાનો સાચો ઉપાય છે. શુભરાગના ક્રિયાકાંડ કરવા તે સાચો ઉપાય નથી.

પ્રશ્નઃ– જ્ઞાની તો વ્યવહારને હેય માને છે તો જ્ઞાનીના વ્યવહારનું ફળ સંસાર કેમ ?

ઉત્તરઃ– જ્ઞાનીનો વ્યવહાર પણ રાગ છે અને રાગનું ફળ સંસાર છે. શ્રાવકોને છ આવશ્યક, મુનિઓને પંચ મહાવ્રતનો વિકલ્પ હોય છે, આવે છે, તે નિશ્ચયનો સહચર જાણીને જિનવાણીમાં જણાવ્યું છે, પણ એ રાગનું ફળ સંસાર છે તેમ કહ્યું છે, અને એ શુભરાગથી જે લાભ માને છે, શુભ રાગ કરતાં કરતાં ધર્મ થશે તેમ માને છે તેઓ તો મિથ્યાદ્રષ્ટિ છે.

* ભગવાને કહેલાં વ્યવહારનું ફળ સંસાર કહ્યો છે ને તું એ વ્યવહારથી લાભ માનીશ તો મરી જઈશ. વર્તમાન સ્વચ્છંદ સેવીને જો કાંઈપણ ભગવાનની આજ્ઞા બહાર જઈશ તો મરી જઈશ. માટે ભગવાનની આજ્ઞા માન ! આત્માના આશ્રયે જ ધર્મ થાય અને રાગના આશ્રયે ધર્મ ન થાય તે અનેકાન્ત છે. નિશ્ચયથી લાભ થાય અને વ્યવહારથી પણ લાભ થાય તે એકાન્ત મિથ્યાત્વ છે. મારું કાર્ય મારાથી જ થાય અને મારું કાર્ય પરથી ન થાય તે અનેકાન્ત છે. એવી ભગવાનની આજ્ઞાથી જો બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ.

* હે ભવ્ય ! તું શરીરને ન જો ! રાગને ન જો ! એક સમયની પર્યાયને ન જો ! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડયો છે તેને જો ! અરે ભગવાન ! તું પૂર્ણાનંદ સ્વરૂપ સમીપમાં જ પડયો છે તે દૂર કેમ રહી શકે ? એમ દિગમ્બર સંતોની વાણી મારફાડ કરતી–ઝળકારા કરતી આવે છે કે તારી સમીપ પૂર્ણાનંદ પ્રભુ પડયો છે તેને તું આજે જ દેખ ! આજે જ સ્વીકાર કર ને હા પાડ ! હા પાડતાં હાલત થઈ જાય તેવો તું પૂર્ણાનંદનો નાથ છો.

* આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો, ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્ય સ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે, પણ કાયમ દ્રવ્યસ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય

રાખતાં જે દશા થાય તે નિર્મળ દશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દ્રષ્ટિ સયોગ ઉપર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિ ને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા હોય. હજુ આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત–પ્રગટ ઊર્ધ્વતા થાય.

* લીંડી પીપરમાં ચોંસઠ પહોરી તીખાશ પ્રગટ બહારમાં આવે છે તે અંદર શક્તિમાં પડી છે તેમાંથી આવે છે. લીંડીપીપરના પરમાણુમાં અલ્પ તીખાશ હતી તેમાંથી અનંતગુણી તીખાશ બહાર આવે છે છતાં તે બન્ને વખતે રસગુણ તો એવોને એવો જ રહ્યો છે. અહા! શું છે આ? એનો વિચાર–મનન જોઈએ, પરમાણુ નાનકડો છે એમ ન જો! પણ તે એક તત્ત્વ છે. તેના પેટમાં અનંતાનંત ગુણો છે, તેનું અનંતાનંત સામર્થ્ય છે એ જો! એક પ્રદેશી પરમાણુનો એક સત્તાગુણ અને અનંતપ્રદેશી આકાશનો એક સત્તાગુણ એ બન્નેના પ્રદેશોમાં અનંતગુણો ફેર છે છતાં બન્નેનો સત્તાગુણ સમાન છે. બન્નેના હોવાપણામાં શું ફેર છે? કાંઈ જ ફેર નથી. આવા પદાર્થોના આશ્ચર્યકારી સ્વભાવો છે, તેના મનનમાં જાય તો પોતાના સ્વભાવ તરફ ઢળી જાય ત્યારે ભગવાન જણાય અને પ્રતીતમાં આવે છે, ભાવભાસન થાય છે. મનનમાં બરાબર બેસી જાય ત્યારે અંદરમાં જાય ને સમ્યગ્દર્શન થાય.

* અંદરમાં જ્ઞાનને આનંદની વજ્રની ભીંત પડી છે, એની સન્મુખ તારી પર્યાયને જોડી દે! એ અપૂર્વ પુરુષાર્થ છે. એ ધ્રુવ તત્ત્વને સ્વીકારતાં તારી પર્યાય નિર્મળ થઈ જશે, એ જ અપૂર્વ જીવન છે. બહારનું આ બધું ધન–કુટુંબ–વૈભવ આદિ મળે તે કાંઈ અપૂર્વ જીવન નથી. બહારમાં ધન–વૈભવ કે માન–સન્માનમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટાવીને તારા ચૈતન્યસ્વભાવમાં સર્વસ્વ માનવવાનું છે. એક જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયકની રુચિ હોય તેને પુરુષાર્થ અંદર વળ્યા વિના રહે જ નહિ. અંદર ઊંડાણમાં અનંત અનંત ગુણ રત્નાકરનો સાગર છે ત્યાં પર્યાયને લઈ જતાં વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ. અંદર જતાં આનંદની શેડ ફૂટશે–ફુવારા છૂટશે માટે ભાઈ! તું અંદર જા!

પ્રશ્નઃ– ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે આદિ આત્માના આટલા બધા વખાણ કરો છો પણ એ ભગવાન ગયો ક્યાં?

ઉત્તરઃ– ભગવાન તો છે ત્યાં જ છે પણ એના ભગવાનનું તેને ભાન નથી એથી ભગવાન તેની નજરમાં આવતો નથી. પોતે ભગવાન સ્વરૂપ કારણપરમાત્મા છે એમ જેને બેસે છે તેને કારણપરમાત્મા છે, પણ જેને પરમાત્મા સ્વરૂપે છું તેમ બેસતું નથી તેને કારણપરમાત્મા ક્યાં છે? તેને તો રાગ ને અલ્પજ્ઞતા જ છે. જેને કારણપરમાત્મા બેસે છે તેને કાર્યમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર હોય છે.

## ❀ જીવના પરિણામોની વિચિત્રતા ❀

અહો! પરિણામોની વિચિત્રતા જુઓ! સીતા પ્રત્યેના રાગથી રામચંદ્રજીએ ઘોર યુદ્ધ કરીને સીતાને રાવણથી છોડાવીને ઘરે લાવ્યા ને એ જ સીતાને લોક–અપવાદના ભયથી ને રાજ્યના લોભથી ઘોર જંગલમાં છોડી દીધા!

સીતાજીએ પોતાના સતીત્વ માટે અગ્નિ–પરીક્ષા આપી, સંસારની અસારતા જાણીને, રામથી વિરક્ત થઈને, દીક્ષા લઈને ઘોર તપ કરીને, સોળમાં સ્વર્ગમાં પ્રતીન્દ્ર થયા ને રામચંદ્રજીની સાથે સ્વર્ગમાં રહીને ધર્મચર્ચા તથા તીર્થ–વંદના કરવાના રાગે, શ્રેણીએ ચડેલાં શ્રી રામચંદ્રમુનિને ધ્યાનમાંથી ચળાવવા માટે માયાચારીથી સીતાનું રૂપ કરીને ઉપસર્ગ કર્યો! પરંતુ શ્રી રામચંદ્રમુનિ તો શ્રેણીમાં આગળ વધીને કેવળજ્ઞાન પામ્યા. આહા! જુઓ તો ખરા! પરિણામોની કેવી વિચિત્રતા!! સીતાજી રામચંદ્રનો રાગ છોડીને દીક્ષા લઈને સ્વર્ગમાં ગયા ને ત્યાં રામચંદ્રજી પ્રત્યેનો રાગ જાગતાં, રામચંદ્રમુનિને સિદ્ધપદની સાધનામાંથી ચ્યૂત કરાવવા ઉપસર્ગ કરવા લાગ્યા! આહાહા! સાથે રહેવાના રાગે સિદ્ધપદને સાધી રહેલાં મુનિરાજને ચળાવવા ઉપસર્ગ કરે! પરિણામોની કેવી વિચિત્રતા!

રામચંદ્રમુનિને કેવળજ્ઞાન થતાં સીતાજીનો જીવ કેવળી પાસે ઉપસર્ગ કર્યાની ક્ષમા માગે છે ને લક્ષ્મણ, રાવણ તથા પોતાના ભવો વિશે કેવળીને પૂછે છે. લક્ષ્મણ ચોથી તથા રાવણ ત્રીજી નરકે ગયાનું જાણીને, રાવણ પાસે નરકમાં જઈને, સીતાજી પોતાની ઓળખાણ આપીને પ્રેમથી ધર્મનું સ્વરૂપ સમજાવીને સમ્યગ્જ્ઞાન પમાડે છે. અહો! એક વખત પોતાનું હરણ કરનાર રાવણ પ્રત્યે જેને ઘોર તિરસ્કાર વર્તતો હતો તે સીતાજીના જીવની રાવણ પ્રત્યે કેટલી કરુણા ?–કે નરકમાં જઈને વાત્સલ્યથી ધર્મ પમાડે છે!

જીવના પરિણામોની વિચિત્રતા તો જુઓ! જે રાવણ અને લક્ષ્મણના જીવો પૂર્વે મનુષ્યતિર્યંચોના અનેક ભવો પર્યંત સીતાજીના જીવના કારણે એકબીજાને મારતા હતા તે જ લક્ષ્મણ અને રાવણ ભવિષ્યમાં નરકમાંથી નીકળીને મહા–પ્રીતિવંત સગા ભાઈઓ થશે! ને ત્યાંથી સ્વર્ગમાં સાથે જ ઉપજશે. ત્યાંથી મનુષ્ય થઈને મુનિદાનના પ્રભાવથી ભોગભૂમિમાં સાથે જશે ને ત્યાંથી સ્વર્ગમાં પણ સાથે ઉપજશે. ત્યાંથી મનુષ્યપણામાં બન્ને સગા ભાઈપણે રાજપુત્રો થશે ને દીક્ષા લઈને સાતમાં સ્વર્ગે જશે. જ્યારે સીતાજીનો જીવ સોળમાં સ્વર્ગમાંથી ભરતક્ષેત્રમાં ચક્રવર્તી થશે ત્યારે રાવણનો જીવ ઈંદ્રરથને લક્ષ્મણનો જીવ મેઘરથ નામના ચક્રીપુત્રો થઈને મહા ધર્માત્મા થશે. ચક્રવર્તી પિતા–પુત્રોને પરસ્પર અતિ સ્નેહ વર્તશે! જુઓ તો ખરા! અનેક ભવોથી રાવણ–લક્ષ્મણને પરસ્પર વેર ચાલ્યું

આવતું હતું તે બદલીને સિદ્ધ થતાં સુધી પરસ્પર અતિ સ્નેહ વર્તશે! સીતાજીનો જીવ [ ચક્રવર્તી ] મુનિ થઈને ૩૩ સાગરની સ્થિતિએ અનુત્તર વિમાનમાં દેવ થશે ને રાવણનો જીવ ( ચક્રીપુત્ર ) સ્વર્ગાદિમાં જઈને તીર્થંકર થશે ત્યારે સીતાજીનો જીવ તેમના પ્રથમ ગણધર થશે ને લક્ષ્મણનો જીવ મહાવિદેહમાં ચક્રવર્તીપદ સહિત તીર્થંકર થશે. આહાહા! ત્રણે મોક્ષગામી તીર્થંકર-ગણધરના દ્રવ્યો હોવા છતાં પરિણામોની કેવી વિચિત્રતા!! તીર્થંકર-ગણધરના દ્રવ્યોના પરિણામોની પણ આવી વિચિત્રતા છે! અશુભ પરિણામો થયા એટલે સદાય શુભ જ થશે એમ નથી. એ પણ ક્ષણમાં પલટી જશે. ક્ષણભંગુર સંયોગના લક્ષે થતાં પરિણામ ક્ષણમાં પલટી જશે પણ જ્યારે શાશ્વત રહેનારા આત્માનું લક્ષ કરે ત્યારે પરિણામ શુદ્ધ થશે ને એ શુદ્ધ પરિણામ શુદ્ધપણે શાશ્વત થતાં રહેશે. આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ ભગવાનના આત્માનો અદ્‌ભૂત આશ્ચર્યકારી ને ગહન સ્વભાવ છે, એ સ્વભાવનું લક્ષ કરવું એ જ આ દુર્લભ ભવની સાર્થકતા છે.

---

## સમાચાર:-

* સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રી સુખશાંતિમાં બિરાજી રહ્યાં છે. સવારે શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર તથા બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મ રસસભર પ્રવચનો ચાલી રહ્યાં છે.

* મલકાપુર [ મહારાષ્ટ્ર ] માં ૭૦૦ વર્ષ જૂના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દિગંબર જિન મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય બ્ર. પંડિત રમેશભાઈ તથા બ્ર. સુશીલાબેનની ઉપસ્થિતિમાં આસો સુદ ૧૦ થી શરૂ થયું છે, ત્યાંના સર્વે મુમુક્ષુઓ તન-મન-ધનથી તે કાર્યમાં લાગી ગયા છે.

* શ્રી વીતરાગ-વિજ્ઞાન વિદ્યાપીઠ પરીક્ષા બોર્ડની જાન્યુઆરી/ફેબ્રુઆરી ૧૯૭૯ માં થનારી પરીક્ષાનું પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦-૧૧-૭૯ છે. ત્યાર પછી તા. ૩૦-૧૧-૭૮ સુધી લેઈટ-ફી સહિત ફોર્મ સ્વીકારવામાં આવશે.

* સમિતિના ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાની રૂમ અગાઉથી નોંધાવવા ( -રીઝર્વ કરાવવા ) માટે માત્ર નીચેના એડ્રેસ પર જ પત્ર વ્યવહાર કરવો.

મુનિમજી,
શ્રી જૈન અતિથિ સેવા સમિતિ,
સોનગઢ [ સૌરાષ્ટ્ર ] ૩૬૪૨૫૦

# વૈરાગ્ય-સમાચાર

❁ છેલ્લા ૩૩ વર્ષથી સોનગઢમાં રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લઈ રહેલા શ્રી કલ્યાણશ્રી (વર્ષ–૯૬) તા. ૨૭–૯–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સંપ્રદાયની દીક્ષા લીધા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સત્‌સમાગમમાં આવતા તેઓ સોનગઢ સ્થાયી થયા હતા. છેલ્લા કેટલાક વર્ષની બિમારીમાં પણ તેઓ નિયમિત વાંચન–શ્રવણ આદિ કરતા હતા. છેલ્લે સુધી જાગૃતિ હતી ને જ્ઞાયકનું સ્મરણ કરતાં કરતાં દેહ છોડયો હતો. દેહ–વિલયના દિવસે જ પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શનનો લાભ મળવાથી ઘણો આનંદ અનુભવતા હતા.

❁ જામનગર નિવાસી વકીલ શ્રી જયસુખલાલ છગનલાલ વાધર (વર્ષ–૬૦) તા. ૧૭–૧૦–૭૮ ના રોજ એકાએક હાર્ટ–ફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વ સમજવાની ઊંડી જિજ્ઞાસા હતી ને વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપશામક પ્રવચનોનો લાભ લેતા હતા.

❁ દયાકુંવરબેન લક્ષ્મીદાસ ચોવટીઆ (વર્ષ–૫૮) તા. ૨૬–૯–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❁ સ્વ.ભાઈલાલભાઈ ડેલીવાળા (બરવાળા)ના જમાઈ બોટાદનિવાસી શ્રી નંદલાલભાઈ દામોદરદાસ ગાંધી (વર્ષ–૪૯) તા. ૨૭–૯–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. બિમારીમાં છેલ્લે સુધી ‘બહેનશ્રીનાં વચનામૃત’ નું વાંચન કરતા હતા.

❁ કલકત્તાનિવાસી શ્રી ભાનુમતિ જગજીવનદાસ ઝાટકીયા (વર્ષ–૫૭) તા. ૫–૧૦–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનો લાભ લીધો હતો.

સદ્‌ગત આત્માઓને વીતરાગી દેવ–ગુરુ–ધર્મમાં દ્રઢ શ્રદ્ધા તથા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અત્યંત ભક્તિભાવ ધરાવતા હતા. તેઓ વીતરાગી ધર્મનું શરણ પામીને આત્મોન્નતિ સાધે એ જ ભાવના.

---

## મરાઠી આત્મધર્મના આજીવન સભ્ય બનો:-

મરાઠી આત્મધર્મના આજીવન સભ્ય બનનાર તરફથી મહારાષ્ટ્રમાંના મુખ્ય મુખ્ય જિન મંદિરો અને જૈન સંસ્થાઓમાં હંમેશ માટે મરાઠી આત્મધર્મ ભેટ મોકલાતું રહેશે. માટે મરાઠી આત્મધર્મના આજીવન સભ્ય બનીને પ્રચારમાં સહભાગી બનો.

# બે મિત્રો

**લક્ષ્મીચંદભાઈઃ-** આવો ધરમચંદભાઈ, હું તમારી જ રાહ જોતો હતો. આપણે ગયા વખતે મળ્યા ત્યારે તમે કહેતા હતા ને!-કે જિનેન્દ્ર ભગવાને કહેલાં શાસ્ત્રોના સ્વલક્ષી અભ્યાસથી, અંદરમાં આત્મપરિણામોની નિર્મળતા થતાં જ્ઞાન–વિજ્ઞાનની અનેક પ્રકારની ઋદ્ધિઓ સહજ પ્રગટ થાય છે. એ જાણીને મને બહુ આશ્ચર્ય થઈ રહ્યું છે, તો એ વાત જાણવા અદ્‌ભુત ચમત્કારિક ઋદ્ધિ કોઈને પ્રગટ થઈ હોય તો તેની કથા કહો.

**ધરમચંદભાઈઃ-** ભાઈ! સર્વજ્ઞ ભગવાને કહેલાં પરમાગમોના સ્વલક્ષી અભ્યાસથી કેવા કેવા પ્રકારે આત્મલાભ થાય છે એ જાણવાની તમારી જિજ્ઞાસા જોઈને મને ખુશી થાય છે. તમારી જિજ્ઞાસાને વિકસાવનારી, સ્વલક્ષી શાસ્ત્ર–સ્વાધ્યાયનો અદ્‌ભૂત મહિમા પ્રસિદ્ધ કરનારી, પુરાણમાં આવતી એક કથા તમને કહું છું તે સાંભળો.

રાજગૃહી નગરીમાં સુબલ નામે રાજા હતો. તે બહુમૂલ્ય રત્નોજડિત વીંટી પહેરતો હતો. એક વખત રાજાએ, સ્નાન માટે તેલમર્દન કરાવતાં પહેલાં, રત્નોની આભા ખરાબ ન થાય તે માટે એ વીંટી સૂર્યમિત્ર નામના પુરોહિતને આપી. વીંટી પોતાની આંગળીમાં પહેરીને પુરોહિત પોતાના ઘરે ગયો અને સંધ્યાતર્પણ આદિ બ્રાહ્મણક્રિયા કરી, સવારે સૂર્યને અર્ઘ આપીને રાજદરબારમાં જવા નીકળ્યો ત્યારે આંગળીમાં વીંટી ન જોતાં તેને ધ્રાસ્કો પડયો કે હવે મહારાજાને હું શું જવાબ આપીશ?

**લક્ષ્મીચંદભાઈઃ-** અરે! રાજાની બહુમૂલ્ય વીંટી પુરોહિતે ખોઈ નાખી છે તેમ રાજા માનશે નહિ ને બિચારા પુરોહિતને બહુ આકરો દંડ કરશે. અરેરે, બિચારો પુરોહિત! પણ હા, પછી શું થયું?

**ધરમચંદભાઈઃ-** પુરોહિત તો રાજદરબારમાં જવાને બદલે ચિંતામગ્ન બનીને પોતાના મકાનમાં બેઠો હતો, ત્યાં ગામલોકોના ટોળાને ઉપવન તરફ જતાં જોઈને પૂછપરછ કરતાં પુરોહિતને જાણવા મળ્યું કે ઉપવનમાં દિગંબર સંત પધાર્યા છે. તે જાણીને બ્રાહ્મણ પુરોહિત તો બહુ ખુશ થયો કે અહો! જૈનોના સંતો તો મહા જ્ઞાન–વિજ્ઞાન સંપન્ન ને ભૂત–ભવિષ્યને જાણનારા હોય છે. માટે તેમને જઈને પૂછવાથી વીંટીનો પત્તો લાગી જશે ને રાજાના દંડથી ઊગરી જઈશ. આમ વિચારતો પુરોહિત ભાવલિંગી મુનિરાજ

શ્રી સુધર્માચાર્ય પાસે પહોંચ્યો. પરંતુ માન અને લજ્જાથી મુનિરાજને પોતાની અંતરની વાત તે પૂછી શકતો નથી ને આમ તેમ ચારે બાજુ આંટા મારવા લાગે છે કે હવે શું કરવું? કેમ પૂછવું? આંટા મારતાં પુરોહિતને જોઈને અવધિજ્ઞાની મુનિરાજ બોલ્યા કે હે સૂર્યમિત્ર! તું રાજાની વીંટીની તારી ચિંતા મટાડવા આવ્યો છે ને! એ સાંભળતાં સૂર્યમિત્ર પુરોહિત એકદમ વિસ્મિત થઈને મુનિરાજના ચરણોમાં નમસ્કાર કરીને કહેવા લાગ્યો કે હે સ્વામીન! મારી વીંટી ક્યાં ખોવાઈ ગઈ છે તે કૃપા કરીને બતાવો. ત્યારે મુનિરાજે કહ્યું કે તું જ્યારે સૂર્યને અર્ઘ આપતો હતો ત્યારે વીંટી આંગળીમાંથી નીકળીને સરોવરના કમળમાં પડી ગઈ હતી અને હજુ તેમાં જ પડી છે. આ સાંભળી પુરોહિત અતિ હર્ષ પામીને સરોવરમાંના કમળમાંથી વીંટી મેળવીને રાજાને પહોંચાડે છે.

**લક્ષ્મીચંદભાઈ:-** આહાહા! જગતથી ઉદાસીન, નિસ્પૃહી, મુનિરાજને કેવી અદ્ભૂત જ્ઞાન-ૠદ્ધિ હોય છે!

**ધરમચંદભાઈ:-** હા ભાઈ, મુનિરાજના અગાધ, ગંભીર જ્ઞાનનું શું કહેવું! બીજા જીવોના ભૂત-ભવિષ્યના અસંખ્ય ભવો જાણી શકે એવા સામર્થ્યવાળું અવધિજ્ઞાન મુનિરાજને હોય છે અને બીજા જીવોના મનના વિચારો પણ જાણી શકે તેવા સામર્થ્યવાળું મનઃપર્યયજ્ઞાન પણ હોય છે. મુનિરાજના ચમત્કારિક જ્ઞાન માટે પુરોહિતને બહુ આશ્ચર્ય ને સન્માન થાય છે ને પોતાને પણ આવું ચમત્કારિક જ્ઞાન હોય તો રાજદરબારમાં માન-સન્માન ને ધનની પ્રાપ્તિ થાય એમ વિચારતો તે મુનિરાજ પાસે જઈને વિનંતી કરવા લાગ્યો કે મહારાજ! આપ મને આપની ચમત્કારિક જ્ઞાનવિદ્યા શીખવો. ત્યારે મુનિરાજે કહ્યું કે ભાઈ! આ વિદ્યા તો દિગંમ્બર જૈન મુનિને જ પ્રાપ્ત થાય છે. માટે વિદ્યા શીખવી હોય તો ઘરબાર, ધન-વૈભવ છોડીને નગ્ન દિગમ્બર મુનિ થવું જોઈએ.

**લક્ષ્મીચંદભાઈ:-** પુરોહિતને તો માન-સન્માન ને ધનની પ્રાપ્તિ માટે ચમત્કારિક જ્ઞાન-વિદ્યા શીખવી છે ને મુનિરાજ કહે છે કે ઘરબાર છોડીને મુનિ થાય તો વિદ્યા પ્રાપ્ત થાય! પુરોહિતને જે ધનવૈભવના લોભ માટે વિદ્યા શીખવી છે તે વૈભવ છોડવા મુનિએ કહ્યું તો પુરોહિતે શું કહ્યું?

**ધરમચંદભાઈ:-** પુરોહિત કહે મહારાજ! હું હમણાં જ કુટુંબીજનોને મળીને આવું છું. ઘરે જઈને ઘરના સગાં-વહાલાંને પુરોહિત કહેવા લાગ્યો કે જો મુનિરાજ જેવું ચમત્કારિક જ્ઞાન મને પ્રાપ્ત થઈ જાય તો આપણી કીર્તિ સારાયે નગરમાં ફેલાઈ જાય. તેથી હું થોડા ટાઈમ માટે મુનિરાજ આજ્ઞા કરશે તે પ્રમાણે નગ્ન દિગમ્બર મુનિ થઈને એ વિદ્યા શીખી લઈશ અને પછી કોઈ યુક્તિથી પાછો ઘરે આવતો રહીશ. આમ સૌને

સમજાવીને, મુનિરાજ પાસે જઈને, દીક્ષા લઈને કહે છે કે પ્રભો! હવે મને પેલી જ્ઞાનવિદ્યા આપો. ત્યારે મુનિરાજ કહે છે કે ભાઈ! જિનેશ્વરદેવે કહેલાં ચારે–અનુયોગના જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી એ વિદ્યા તમોને આપોઆપ પ્રાપ્ત થઈ જશે.

ગુરુનું આવું વચન સાંભળીને સૂર્યમિત્રમુનિ (–પુરોહિત) ચાર અનુયોગનો અભ્યાસ કરવા લાગ્યો. અભ્યાસ કરતાં કરતાં જૈનદર્શનમાં કહેલાં તત્ત્વોના સ્વરૂપની સત્યતા, ગંભીરતા, અદ્‌ભૂતતા આદિ જાણતા સૂર્યમિત્રમુનિને જૈનદર્શન ઉપર ગાઢ શ્રદ્ધા બેઠી અને પછી તો સ્વલક્ષી શાસ્ત્ર–સ્વાધ્યાય કરતાં કરતાં, આગળ વધતાં વધતાં સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રની પ્રાપ્તિ પણ થઈ. વિદ્યા પ્રાપ્તિના લોભે દીક્ષા લઈને એ તો ખરેખરા ભાવલિંગી સંત બની ગયા. હવે તેમને દેહ આદિ પ્રત્યે જ મમત્વ રહ્યું નહિ તો માન–સન્માનના કારણભૂત વિદ્યાનો લોભ તો રહે જ ક્યાંથી? એ તો સર્વથી ઉદાસીન થઈને, અંતર લીનતામાં રહેવા લાગ્યા અને પરિણામોની વિશેષ નિર્મળતા થતાં અવધિજ્ઞાન પ્રગટ થયું છતાં તેઓ તેમાં નિઃસ્પૃહ રહ્યાં અને એ પ્રાપ્ત અવધિજ્ઞાન વડે બીજા ભવ્ય જિજ્ઞાસુ જીવોને તેમના ભૂત–ભવિષ્યના ભવોની ભવાવલી બતાવી મોક્ષમાર્ગમાં વાળવા લાગ્યા. પોતાના સ્વરૂપમાં વિશેષ લીનતા કરતાં કરતાં પરિણામોની વિશેષ નિર્મળતા થતાં કેવળજ્ઞાન પામ્યા ને સકલ જગતને એક સમયમાત્રમાં જાણવા લાગ્યા. ભાઈ! આત્માના લક્ષે શાસ્ત્ર–સ્વાધ્યાય કરતાં કરતાં, સ્વરૂપમાં ઠરતાં ઠરતાં, મહાન જ્ઞાનઋદ્ધિ પ્રગટ થાય ને જગતની ક્લેશમય વિદ્યાના પાપોથી છૂટી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય એવો સ્વલક્ષી શાસ્ત્ર–સ્વાધ્યાયનો ચમત્કાર અદ્‌ભૂત છે! લૌકિક ભણતર તથા ધંધા આદિના ક્લેશમય જાણપણાથી તો સંસારની વૃદ્ધિ ને દુર્લભ માનવભવની નિષ્ફળતા હાંસલ થાય છે ને સ્વલક્ષી શાસ્ત્ર–અભ્યાસથી તો ભવનો અભાવ અને આ દુર્લભ માનવભવની સફળતા થાય છે. માટે આત્માના લક્ષે જૈનદર્શનના શાસ્ત્ર–અભ્યાસમાં જ આજીવન સમર્પણ કરી દેવા જેવું છે. 'બહેનશ્રીનાં વચનામૃત' ના ૬૨ માં બોલમાં પણ જ્ઞાયકના લક્ષે શ્રવણ, ચિંતવન ને મનન કરનાર આગળ વધીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે તેમ કહ્યું છે ને!

**લક્ષ્મીચંદભાઈઃ–** વાહ ભાઈ વાહ! તમે આજે બહુ સરસ કથા કહીને જૈનદર્શનના શાસ્ત્રોના સ્વલક્ષી અભ્યાસનો મહિમા સમજાવ્યો. ધન અને માનના લોભે વિદ્યા શીખવા માયાચારીથી નગ્નમુનિ થનાર એક લોભી બ્રાહ્મણે પણ સર્વજ્ઞે કહેલાં આગમોના સ્વલક્ષી અભ્યાસથી નિર્લોભી થઈને કેવળજ્ઞાન તથા મુક્તિને સાધી!

**ધરમચંદભાઈઃ–** સ્વરૂપની સાધનાનો આવો અપૂર્વ માર્ગ અત્યારે આપણને પૂજ્ય ગુરુદેવશ્રી કરુણા કરીને બતાવી રહ્યાં છે. એનો લાભ લઈને આપણે પણ સ્વલક્ષી શાસ્ત્ર–સ્વાધ્યાયથી એ પરમપદની સાધનાના કારણભૂત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ શીઘ્ર કરી લેવા જેવું છે. (શ્રી સુકુમાલ–ચરિત્રના આધારે)

## ❀ આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો ❀

૧. ઉત્કૃષ્ટ વૈરાગ્ય પામવા છતાં પણ મુનિરાજ ઔદાસીન્ય વૃત્તિએ શરીરનું પાલન કરીને ચિરકાલ પર્યંત તપ કરે છે, એ માત્ર જ્ઞાનનો જ મહિમા છે.
(શ્રી ગુણભદ્ર આચાર્ય–આત્માનુશાસન. શ્લોક. ૧૧૬)

૨. અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ–એ પાંચે પરમેષ્ઠિઓ આ આત્માના જ પરિણામ છે. તેથી આત્મા જ મને શરણ છે.
(શ્રી કુંદકુંદ આચાર્યદેવ–બાર અનુપ્રેક્ષા. ગાથા ૧૨)

૩. મારા ચિત્તમાં કલ્પવાસી દેવોના ઇન્દ્રને, નાગેન્દ્રને તથા ચક્રવર્તીને પ્રાપ્ત થતું સુખ નિરંતર તૃણ સમાન તુચ્છ લાગે છે. અલ્પ બુદ્ધિમાન હંમેશાં ભૂમિ, સ્ત્રી, લક્ષ્મી, શરીર તથા પુત્રથી સુખ માને છે–એ આશ્ચર્યકારક છે.
(શ્રી જ્ઞાનભૂષણ–તત્ત્વજ્ઞાનતરંગિણી. અ. ૯. શ્લોક ૧૦)

૪. મોહથી અંધ જીવોના હૃદયમાં બાહ્ય સ્ત્રી, પુત્ર, શરીર આદિ પદાર્થો પોતાપણે ભાસે છે. મોહ રહિત પુરુષોના હૃદયમાં કર્મમલથી રહિત અવિનાશી આત્મા જ સદા પોતાપણે ભાસે છે. હે જીવ! જો તું આ બે ભેદને સમજી ગયો છે તો તું આ સ્ત્રી પુત્રાદિ–કે જેને તેં પોતાના માની લીધા છે તેમાં એકત્વબુદ્ધિરૂપ દુષ્ટ મોહને ક્ષણમાત્રમાં નાશ કેમ કરતો નથી?
(શ્રી અમિતગતિઆચાર્ય–તત્ત્વભાવના. શ્લોક ૮૮)

૫. જેમ મહાન સમુદ્રમાં પડી ગયેલું રત્ન ફરી પામવું દુર્લભ છે, તેમ આ મનુષ્યપણું પામવું દુર્લભ છે એવો નિશ્ચય કરી હે ભવ્યજીવો! આ મિથ્યાત્વ અને કષાયને છોડો એવો શ્રીગુરુઓનો ઉપદેશ છે.
(સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા. ગાથા ૨૯૭)

૬. કષાયરૂપ વેરી નિર્વાણમાં જેટલું વિઘ્ન કરે છે તેટલું વિઘ્ન કોઈ દુશ્મન કરતું નથી, અગ્નિ કરતી નથી, વાઘ કરતો નથી, કાળો સર્પ કરતો નથી. વેરી તો એક જન્મ દુઃખ આપે છે, અગ્નિ એક વાર બાળે છે, વાઘ એકવાર ભક્ષણ કરે છે, કાળો સર્પ એકવાર ડસે છે, પણ કષાયભાવ અનંતજન્મમાં દુઃખ આપે છે.
(શ્રી ભગવતી આરાધના. ગાથા ૧૩૯૬)

# ❁ આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ ❁

[ આજીવન સભ્ય ફીઃ રૂા. ૧૦૧/– ] ( અંક નં. ૪૧૮ થી ચાલુ )

| | | |
|---|---|---|
| ૭૦૦ | શ્રી દેવીલાલ કસ્તૂરચંદ જૈન | મુંબઈ |
| ૭૦૧ | શ્રી નિરંજન એચ. જોબાળિયા | મુંબઈ |
| ૭૦૨ | શ્રી પિસ્તોદેવી જૈન | ન્યુ દિલ્હી |
| ૭૦૩ | શ્રી ભદ્રેશ વસંતલાલ તલાટી | મુંબઈ |
| ૭૦૪ | શ્રી ધીરૂભાઈ શાહ | બોટાદ |
| ૭૦૫ | શ્રી મનસુખલાલ છગનલાલ દેસાઈ | સોનગઢ |
| ૭૦૬ | શ્રી પ્રવીણચન્દ્ર પોપટલાલ વોરા | મુંબઈ |
| ૭૦૭ | શ્રી વસંતભાઈ કામદાર | હૈદરાબાદ |
| ૭૦૮ | શ્રી હર્ષદભાઈ જ્યંતિલાલ | કલકત્તા |
| ૭૦૯ | શ્રી તનસુખલાલ એમ. ઉદાણી | મુંબઈ |
| ૭૧૦ | શ્રી ગોડીદાસ ભીમજી | મુંબઈ |
| ૭૧૧ | શ્રી પોપટલાલ લખમશી | હૈદરાબાદ |
| ૭૧૨ | શ્રી રમેશચંદ્ર રતીલાલ દોશી | હૈદરાબાદ |
| ૭૧૩ | શ્રી ગુણવંતરાય ડી. મહેતા | હૈદરાબાદ |
| ૭૧૪ | શ્રીમતી અરુણા દિનેશકુમાર બેંકર | સીકંદરાબાદ |
| ૭૧૫ | શ્રી નૌતમલાલ ડી. પારેખ | હૈદરાબાદ |
| ૭૧૬ | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડીયા | હૈદરાબાદ |
| ૭૧૭ | શ્રી કલ્યાણજી લાલજી શાહ | હૈદરાબાદ |
| ૭૧૮ | શ્રી નરેન્દ્ર ફુલચંદભાઈ દોશી | હૈદરાબાદ |
| ૭૧૯ | શ્રી નવીનચંદ્ર પી. ધોળકીયા | સીકંદરાબાદ |
| ૭૨૦ | શ્રી ઇસ્ટર્ન આંધ્ર એજન્સી | હૈદરાબાદ |
| ૭૨૧ | શ્રી જે. પી. પારેખ | મુંબઈ |
| ૭૨૨ | શ્રી ગોકળદાસ લલ્લુભાઈ નાણાવટી | ઉમરાળા |
| ૭૨૩ | શ્રી કાંતિલાલ વી. મહેતા | ખંડવા |
| ૭૨૪ | શ્રી પ્રભુલાલ દલપતભાઈ સપણી | વાંકાનેર |
| ૭૨૫ | શ્રી મીના પ્રફુલચંદ્ર શાહ | મુંબઈ |
| ૭૨૬ | શ્રી દીલીપકુમાર વી. દોશી | મદ્રાસ |
| ૭૨૭ | શ્રી સપાની બ્રધર્સ | હૈદરાબાદ |
| ૭૨૮ | શ્રી ધીરજલાલ એચ. શાહ | કલકત્તા |
| ૭૨૯ | શ્રી સવિતા કે. મોટાણી | મુંબઈ |
| ૭૩૦ | શ્રી બી. એસ. વોરા | મુંબઈ |

[ ક્રમશઃ ]

તંત્રીઃ પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250

મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૮૦૦

વાર્ષિક લવાજમ રૂા. ૬=૦૦

License No. 3
'Licensed to post without prepayment'

If not delivered please Return to:-
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ ( સૌરાષ્ટ્ર ) PIN : 364 250